મહાન ચીશ્તી પીરો

અને

માંગરોલની ગાદી.

પીર ઇશાનંદ કે ઇંન આલમ નબૂદ,
જાને ઇશાંન બૂદ દર દરીયાએ જૂદ...મોલાના
રૂમાની મસનવી.

અર્થ:—પીર તે લોકો છે કે જે જ્યારે આ દુનીયાની હસ્તી નહી હતી ત્યારે તેઓ ખુદાઈ રહેમતના દરીયામાં હસ્તી ભોગવતા હતા.

હમનશીની સાઅતી બા અવલીયા
બેહતર અઝ સદ સાલે તાઅત બી રયા.
અવલીયા ઈતફાલે હક અંદ અય પીસર
હાઝેરી વ ઘાયબી અંદર નઝર.
અવલીયારા હસ્ત કુદરત અઝ એલાહ
તીરે જસ્તા બાઝ ગરદાનદ ઝ રાહ. મસનવી.

અર્થ:—સો વરસની ખરા જીગરની બંદગી કરતાં એક ઘડીની અવલીયાની સોહબત બેહતર છે. અય બેટા, અવલીયા ખુદાનાં ફરઝંદો છે. હાઝર અને ગેબ બધું તેમની નજર આગળ રોશન છે. ખુદાતઆલાએ અવલીયાને એટલી બધી તાકત આપેલી છે કે કામઠામાંથી તીર છુટેલો હોય તેને પણ પાછો વાળી શકે છે.

કાયમદીન, પીર તો ઉસે કહીયે, જો પીયુસે પ્રેમ ધરે
નાસૂત, મલકૂત, જબરૂત, લાહૂત તક સફર કરે.
કાયમદીન, પીર તો ઉસે કેહીયે, જો પરગટ પીયુ દેખાવે
તોહીદ સેં વાકેફ કરે, સોહી પીર કહેલાવે.

નુરે રોશાન.

હીંદુસ્તાનના મહાન ચીશ્તી પીરો

અને

માંગરોલની ગાદી.

લેખક તથા પ્રકાશક,

રતનશાહ કોયાજી,

બી. એ , એલએલ. બી.,

વકીલ, હાઇકોર્ટ, મુંબાઇ.

વકીલ, હાઇકોર્ટ, ન્યાસાલેન્ડ (બી० સી० આફ્રિકા)

હો. નાનપુરા, સુરત.

આવૃત્તિ ૧ લી) (પ્રત ૧૦૦૦

હીજરી સને ૧૩૪૨. ઇ० સ० ૧૯૨૪.

સુરત, બરાનપુરી ભાગોળ, ભાજીવાળી પોળમાં આવેલા શ્રી "અંબીકા વિજય" પ્રેસમાં હરગોવનદાસ ડાહ્યાભાઈ ... ઠરકીશનદાસે છાપ્યું.

બનામે ખુદા.

ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી.

One of the most famous of the Muslim saints of India and a pioneer of Islam in Rajputana was Khwajah Muin-al-Din Chishti, who died in Ajmer in A. D. 1234. He was a native of Sajistan to the east of Persia, and is said to have received his call to preach Islam to the unbelievers in India while on a pilgrimage to Medina. Here the Prophet appeared to him in a dream and thus addressed him: "The Almighty has entrusted the country of India to thee. Go thither and settle in Ajmer. By God's help, the faith of Islam shall, through thy piety and that of thy followers, be spread in that land." He obeyed the call and made his way to Ajmer which was then under Hindu rule and idolatry prevailed throughout the land. Among the first of his converts here was a Yogi who was the spiritual preceptor of the Raja himself: gradually he gathered around him a large body of disciples whom his teachings had won from the ranks of infidelity, and his fame as a religious leader became very wide-spread and attracted to Ajmir great numbers of Hindus whom he persuaded to embrace Islam. On his way to Ajmir he is said to have converted as many as 700 persons in the city of Dehli....

"(*The preaching of Islam*" *by T W. Arnold, page 281.*)

હીંદુસ્તાનમાં વસ્તા તમામ સુન્ની ઇસ્લામી ભાઇઓ, હઝરત ખ્વાજા મુઇનુદ્દીન ચિસ્તીને હીંદ-અલ-વલીના ઇલકાબથી ઓળખે છે. એટલે કે એમને આખા હીંદુસ્થાનના વલીઓમાં અગ્રસ્થાન આપ્યું છે. ઉપલો ફકરો જે ઇંગ્રેજીમાં ટાંકયો છે તે એમના સારૂ મી૰ ટી૰ આરનોલ્ડ નામના એક લંડનની યુનીવર્સીટીના અરબી ભાષાના પ્રોફેસરે "ઇસ્લામનો બોધ" એ નામના પુસ્તકમાં લખેલો છે. સાધારણ રીતે યુરોપનો મોટો ભાગ એમ માને છે કે ઇસ્લામનો ફેલાવો દુનીયામાં થયો છે તેનું મુળ કારણ તલવાર છે એટલે કે જોર જુલમથી એ દીન ફેલાયો છે. પણ આ ઇંગ્રેજ લેખકે ઉપલી ચોપડીમાં તવારીખી પુરાવાથી સાબેત કર્યું છે કે ઇસ્લામમાં છુટા છવાયા જોર જુલમથી દીન ફેલાવાના દાખલા હશે. પણ મોટે ભાગે આ ધર્મનો ફેલાવો ઇસ્લામના બોધને આભારી છે. બે વાર એમ બન્યું છે કે ઇસ્લામની રાજ્ય સત્તા બીજાઓના હાથ નીચે હતી ત્યારે એને જીતનારાઓએ પોતે ઇસ્લામ ધર્મ અખત્યાર કર્યો હતો. "In the hours of its political degradation, Islam has achieved some of its most brilliant spiritual conquests: on two great historical occasions, infidel barbarians have set their feet on the necks of the followers of the Prophet,—the Saljuq Turks in the eleventh and the Mongols in the thirteenth century,—and in each case the conquerors have accepted the religion of the conquered. Unaided also by the temporal power, Muslim missionaries have carried their faith into Central Africa, China and the East India Islands."………(*Page 2, "The Preaching of Islam."*)

એટલે કે અગીયારમી સદીમાં જ્યારે સલજુકી ટર્કોએ મુસલમાનોને હરાવ્યા અને તેરમી સદીમાં મંગોલીયાના લોકોએ ઇસ્લામીઓને હરાવ્યા અને તેમના હાથમાંની રાજ્યની સત્તા જતી રહી હતી પણ તેમનું વર્તન જોઇનેજ તેમના જીતનારાએ પોતે ઇસ્લામ સ્વીકાર્યો હતો. વળી ચીનમાં, સેંટ્રલ આફ્રિકામાં, અને ઇસ્ટ ઇંડીયાના ટાપુઓમાં કાંઇ ઇસ્લામી સત્તા નહોતી. એટલે ત્યાં પણ ઇસ્લામનો ફેલાવો ઇસ્લામના બોધનેજ

આભારી છે. આજે ઇસ્લામ મોરોક્કોથી જંગબાર સુધી, સીબેરાલીયોનથી સાઇબીરીયા અને ચીન સુધી, અને બોસનીયાથી ન્યુગીની સુધી ફેલાયલો છે. આ મુલકોમાં કાંઇ ઇસ્લામીઓનું રાજ્ય નહોતું એટલે ત્યાં તલવારનું જોર તો ક્યાંથી હોય ? ઉપલોજ ઇંગ્રેજ લેખક કહે છે કે:—

"The spread of this faith over so vast a portion of the globe is due to various causes, social, political and religious: but among these, one of the most powerful factors at work in the production of this stupendous result, has been the unremitted labours of Muslim missionaries, who, with the Prophet himself as their great ensample, have spent themselves for the conversion of unbelievers. The duty of missionary work is no after-thought in the history of Islam, but was enjoined on believers from the beginning, as may be judged from various passages in the Quran." ઉપલા ફકરાનો અર્થ એ છે જે દુનીયાના આટલા મોટા ભાગ ઉપર ઇસ્લામનો ફેલાવ જે થયો છે તેના કેટલાંક સંસારીક, કેટલાંક રાજદ્વારી અને કેટલાંક ધાર્મિક કારણો છે. પણ આ ફેલાવનું એક મોટામાં મોટું કારણ તે ઇસ્લામનો બોધ ફેલાવનારાઓની રાત દીવસની મહેનત છે. તેઓ પોતાના મહાન પેગમબરના દાખલાનું અનુકરણ પહેલેથીજ કરીને ઇસ્લામનો બોધ આપતા આવ્યા છે, અને એ બોધ આપવાની દરેક ઇસ્લામીની ફરજ સમજે છે. કારણ કે કુરાનશરીફમાં પહેલેથીજ ફરમાવ્યું છે કે લોકોને ઇસ્લામની દાવત (બોધ) હિકમત (જ્ઞાન), દાનાઇ અને નેક નસીહતની સાથે આપો. વળી તેમની સાથે દલીલો કરો પણ તે દલીલો ઘણા સારા રસ્તા વાલી હોવી જોઇએ." (સુરએ નહલ.)

કુરાને શરીફની આ આયતનો અમલ હીંદુસ્તાનમાં ઘણા ઇસ્લામી મહાત્માઓએ કર્યો છે. પણ તે બધા મહાત્મા જેને ઇસ્લામમાં અવલીઆ કહે છે તેઓના ઉપરી હઝરત ખ્વાજા મુઇનુદ્દીન ગણાય છે. કારણ કે એક દીવસ જ્યારે એવો મદીના મુનવ્વરમાં ઝયારત કરવા ગયા હતા ત્યારે

ખુવાબમાં એમને પેગંબર (સ૰) દેખાયા અને કહયું કે "હીંદુસ્તાનની વીલાયત ખુદાતાલાએ તમુને સોપી છે. વાસ્તે ત્યાં જાવ અને અજમેરમાં મુકામ કરો. ત્યાં ખુદાની મદદથી ઇસ્લામનો પ્રચાર તમારી અને તમારા મદદનીશોની મહેનતથી અને પાકીઝગીથી થશે." એમનો જન્મ સંજર નામના શહેરમાં હીજરી સને ૫૩૭માં થયલો કહે છે (કેટલાક સને ૫૫૨ માં થયલો કહે છે) જેમ ઘણા પેગમ્બર અને મહાત્માઓના જન્મ વખત વિષે કહેવામાં આવે છે તેમ એમના જન્મ વિષે પણ કહે છે કે તે વખતે તમામ ઘર નુરથી ભરાઇ ગયલું લાગતું હતું. અગીયાર વરસની એમની ઉમર થઇ ત્યારે એમના પિતા ગુજરી ગયા, અને એમના પિતાની મીલકતની વહેંચણી થઇ ત્યારે એમને ભાગે એક ફુલ ફળનો બગીચો આવ્યો થોડા વરસ પછી એક દીવસ તેઓ બગીચામાં ઉભેલા હતા ત્યારે હઝરત ખ્વાજા શેખ કન્દોઝી ત્યાં આવ્યા. તેમને ખ્વાજા મુઇનુદ્દીન સાહેબે ઘણો આવકાર આપ્યો અને બાગમાંથી દ્રાક્ષનો એક ઝુમખો તેમને આપ્યો. તે ખાઇ તેઓ ઘણા ખુશી થયા. પછી પોતાના ગજવામાંથી તેમણે એક ખોળનો ટુકડો કાઢી પોતાના મોઢામાં ચાવી ખ્વાજા સાહેબના મોઢામાં મુકયો. તે ખાવાની સાથે ખ્વાજા સાહેબની આ દુન્યા ઉપરથી મોહબ્બત ઉઠી ગઇ અને પોતાની સર્વ અસ્કયામત ખેરાતમાં આપી પોતે ખુદાઇ રાહની શોધમાં નીકળ્યા. આ જમાનામાં ઘણાકોને આ વાંચીને હસવું આવશે પણ હાલમાં પણ ઘણા પંથોમાં ગુરૂ પોતાના ચેલાઓને એવીજ પ્રસાદીઓથી, મુખ પ્રસાદી અથવા નેત્ર પસાદી આપી, તેમની અંદર આત્મીક રોશની પ્રગટાવે છે. મહાન પેગમ્બર જરથુશ્તે પણ ધાર્મિક ક્રિયા કરી પોતાના ત્રણ ચેલાઓને તે ક્રિયા કરેલું પાણી પાઇ અસપંદીયારને જોરાવર દેહ, જામાસ્પને હરવેસ્પ આગાહી (ભવિષ્યમાં શું બનશે તેની આગાહી) આપી હતી; ગુસ્તાસ્પને પોતાનું બહેસ્ત દેખાડયું અને પેશોતનને અમર્ગી બખશી હતી. ત્યાંથી ખ્વાજા સાહેબે સમરકંદ હઝરત હીસામુદ્દીન બોખારી પાસે જઇ કુરાન શરીફ મોઢે કર્યું અને જાહેરી ધાર્મીક જ્ઞાન મેળવ્યું. અને તીસ વરસ ખાજા ઉસમાન હારૂની સાથે રહી તેમની પાસે તમામ આત્મીક જ્ઞાન સંપાદન કર્યું. પછી એક દીવસ મુરશીદ અને મુરીદ બન્નેએ ખાનએ કઆબામાં જઇને દુવા માગી ત્યારે ગેબી આવાજ આવ્યો કે "મુઇનુદ્દીન હમારો દોસ્ત છે. હમે તેને કબુલ કર્યો" તેમજ જયારે મદીનામાં જઇ મુરશીદે ખાજા સાહેબને ફરમાવ્યું કે સલામ કરો ત્યારે રોઝા મુબારકમાંથી જવાબ મળ્યો કે . . .

" વઅાલય કુ મુસ્સલામ યા કુત્બુલ મશાયખ."

પછી બગદાદ આવી હઝરત ખ્વાજા ઉસમાન હારૂની પોતે એતેકાફમાં બેઠા અને ખ્વાજા સાહેબને મુસાફરી કરવાની રજા આપી. પછી મક્કા શરીફ ગયા અને મદીના મુનવ્વરમાં ગયા જયાં આગળ આપણે જણાવી ગયા છઇયે તેમ તેમને હુકમ થયો કે તમો હીંદુસ્તાન જાવ અને ત્યાં ઇસ્લામ ફેલાવો."

ત્યાંથી ચાલીસ માણુસો લઇ હીંદુસ્તાનમાં દાખલ થયા. લાહેર થોડા દીવસ રહી દીલ્હી પધાર્યા અને ત્યાંથી અજમેર આવ્યા. તે વખતે અજમેરમાં પૃથ્વીરાજ રાજ કરતો હતો. પૃથ્વીરાજની માતા નજુમમાં હુશીયાર હતી. તેણીએ ખ્વાજા સાહેબના આવવાની થોડા વરસ આગળ પોતાના છોકરાને આગાહી આપી હતી કે અજમેરમાં એક ફકીર આવશે જે તને હરાવશે, અને આખર એમજ થયુ.

ખ્વાજા સાહેબ પહેલાં શેહરના બહાર એક પીપળાના ઝાડ નીચે આવીને ઉતર્યા. એ જગા ઉપર રાજાના ઉંટો હમેશાં બેસ્તા હતા જે ઉપરથી રાજાના માણુસોએ આવીને તેમને કહયું કે "અહીંથી ઉઠો. અહીં આપ કોના હુકમથી બેઠા છો? અહીં તો રાજાના ઉંટો બેસે છે." જે ઉપરથી ખ્વાજા સાહેબ ઉઠીને ચાલતા થયા અને કહયું કે " ભલે તમારા રાજાના ઉંટોની બેસવાની જગા છે તો તેવો બેસીજ રહેશે." એમ કહી અનાસાગર તળાવના કીનારા પર જઇ પડાવ નાખ્યો. તે તળાવની બાજુએ ઘણા દેહરાં હતાં. હવે પ્રથમ જે જગાએ તેઓ બેઠા હતા ત્યાં ઉંટો આવીને બેઠા અને બેઠા તે બેઠાજ; ત્યાંથી ઘણો વખત થયો તોપણ તેઓ ઉઠી શકયા નહી. આથી ઉંટના રખેવાળો હેરાન થઇ વિચારમાં પડયા અને ધાર્યું કે આપણે ફકીરને અહીથી ઉઠાડી મુકયા તેનું પરીણામ આ હશે. જેથી તેમની પાસે જઇ કાલાવાલા કર્યા અને તેમની માફી માગી. ખ્વાજા સાહેબે કહયું કે જાવ તમારા ઉંટો ઉભા થશે. રખેવાળો ત્યાંથી પાછા ગયા અને જોયું તો ઉંટો ઉભા થયલા હતા.

હવે જયાં તેઓએ નવો પડાવ નાખ્યો હતો તેની પાસેના મંદીરના માણુસોએ આ વાત પૃથ્વીરાજને કહી અને કહયું કે અંહીથી આ માણુસને દુર કરવોજ જોઇયે. રાજાએ કેટલાક માણુસને મોકલી આપ્યા કે ખ્વાજા સાહેબને ત્યાંથી ઉઠાડે. તે લોકે તેમની ઉપર હુમલો કર્યો પણ ખ્વાજા સાહેબે એક મુઠ્ઠી ધુળ લઇ તેમની ઉપર નાખી તે ધુળ જે જે માણુસોને લાગી

તેમાંથી થોડા દીવાના થઇ ગયા, અને બાકીનાના હાથ પગ બીલકુલ સ્તબ્ધ થઈ ગયા. બીજે દીવસે દેવલના રખેવાળો હુમલો કરવાની મતલબથી ગયા. પણ ખ્વાજા સાહેબનું મોઢું જોતાજ તેઓ ધ્રુજવા લાગ્યા અને આ ચમત્કારથીજ તેમનો વડા જે રામદેવ કરી હતો તે ખ્વાજા સાહેબનાં પગ પર પડ્યો. અને પોતે તુર્ત ઇસ્લામ અખત્યાર કરી પોતાની સાથે જે લોક લડવા આવ્યા હતા તે બધાંને ત્યાંથી ચાલી જવા ફરમાવ્યું. રામદેવનું નામ પછી ખ્વાજા સાહેબે બદલીને શાદી.વ રાખ્યુ.

આ વાત રાજાને કાને જતાં તેને લાગ્યું કે આ નવા આવેલા પુરૂષો કોઈ જાદુગરો હશ જેથી જાદુથી તેમની સામે લડવું. તે વખતે અજમેરમાં જયપાળ નામનો એક યોગી હતો. ઇંગ્રેજીમાં મી૦ આરનલ્ડ સાહેબે જે યોગી સારૂ લખ્યું છે તે આ હતો. હવે જયપાળ પોતાના ચેલાઓને લઇને પોતાનું બળ અજમાવવા ખ્વાજા સાહેબ સમે આવ્યો. તે લોકના આવવા આગળ ખ્વાજા સાહેબે પોતાની સાથના એક માણસને પોતે જે જગાએ પડાવ નાખ્યો હતો તેની આજુ બાજુ પોતાની લાકડીથી કુંડાળુ પાડવા કહ્યું, અને કહ્યું કે આ કુંડાળાની અંદર સામા પક્ષનો માણસ કોઇ બી દાખલ થશે તેને ઇજા પોહોંચશે. જેવા જયપાળના માણસો અંદર દાખલ થયા કે તરતજ તેઓ પડી ગયા, તેથી ત્યાંથી નીકળી ન્હાસી તળાવની પાળ ઉપર ગયા અને વિચાર કર્યો કે તળાવની અંદરથી ખ્વાજા સાહેબના કોઇ માણસને પાણી ભરવા દેવું નહીં. હવે ખ્વાજા સાહેબે શાદી દેવને એક પ્યાલું આપી કહ્યું કે ગમે તેમ કરી આ પ્યાલામાં તળાવમાંથી પાણી લઇ આવ. શાદી દેવે પ્યાલું તળાવમાં બોળીને ભર્યું કે તળાવ સુકાઇ ગયું અને તે પ્યાલું લઈ ખ્વાજા સાહેબ પાસે આવ્યો. જયપાળ તો આ જોઇને હેરતજ થયો, અને વધુ કરામત જોવા ખ્વાજા સાહેબને દુરથી કહ્યું કે આ તો ખુદાની પેદા કરેલી વસ્તી ઉપર જુલમ થયલો કહેવાય. વાસ્તે કાંઇએ કરી પાછુ તળાવમાં પાણી પેદા કરવું જોઇયે. ખ્વાજા સાહેબે પેલું પાણીનું પ્યાલું પાછું તળાવમાં નાખવાનો હુકમ કર્યો જેથી તળાવ ભરાઇ ગયું.

હવે જયપાલને પૃથ્વીરાજને મોઢું દેખાડવું ભારી પડયું જેથી તેણે પોતાના ચેલાની મદદ સાથે અનેક કરામતો કરવા માડી. જેવી કે આસમાનથી અગ્ની વરસાવવા માંડયો પણ તે આગ કુંડાળામાં પડતાં બીલકુલ હોલવાઇ ગઇ. છેવટે એક ચાદર બીછાવી તે ઉપર બેસીને જયપાલ આસમાન તરફ ઉડી આંખોથી ગેબ થઈ ગયો. જે ઉપરથી ખ્વાજા સાહેબે પોતાના જોડાને

હુકમ કર્યો કે ઉપર જઇ જયપાલને નામોસીની હાલતમાં નીચે ઉતારવો જેથી જયપાલના માથાપર તે જોડા ટપલા મારતા મારતા નીચે તેને લઇ આવ્યા.

જયપાળે આખર ખ્વાજા સાહેબના પગ પર પડી ઇસ્લામ સ્વીકાર્યો. અને અબદુલ્લા નામ ધારણ કર્યું.

આ ચોપડીમાં, દરેક મહાત્માની જીંદગીમાં, કરામતો મોટે ભાગે વર્ણવેલી છે. તેનું મુખ્ય કારણ એ છે જે સાધારણ માણસો ઉપર એવા ચમત્કાર અથવા કરામતની ઘણી અસર થાય છે, અને મોટે ભાગે માણસો મહાત્માની એવી કરામત વગર મહાત્મય સ્વીકારતા નથી. ઉપલી કરામતો તેમજ આ ચોપડીમાં બીજે ઠેકાણે જે વર્ણવેલી છે તે ઘણાકો કહેશે કે બની શકે નહી. તેમની ખાતરી સારૂ લખવું પડે છે કે આ વીસમી સદીમાં પણ એવી કરામતો કરવાવાળા મોજુદ છે. પણ હમણા જ્ઞાન એટલું બધું ફેલાયલું છે કે બનતાં સુધી કરામત કર્યા સીવાયજ માણસ પોતાના આત્મીક બળથી પોતાનો છાપ પાડે છે. જે માણસો રાજયોગ મુજબ અમલ કરે છે તેમનામાં એવી ઘણી શક્તીઓ પેદા થાય છે. સ્વામી વિવેકાનંદનું નામ હીંદુસ્તાન, અમેરીકા અને યુરોપમાં મશહુર છે. તેમણે પાતાંજળીના યોગ સુત્ર પર ઇંગ્રેજીમાં શરેહ લખી છે. (જુવો, સ્વામી વિવેકાનંદનું પહેલું વોલ્યુમ. પાનું ૨૭૦-૨૭૧). યોગીઓની કેટલી શક્તી છે તે નીચેથી જણાશેઃ—

1. Dharna is holding the mind on to some particular object. (धारणा)
2. An unbroken flow of knowledge in that object is Dhyana. (ध्यान.)
3. When that, giving up all forms, reflects only the meaning, it is Samadhi. (समाधि.)
4. These three, when practised in regard to one object is Samyama. (संयम.)
5. By the conquest of that comes light of knowledge.

× × ×

25. By making Samyama on the strength of the elephant and others, their respective strength comes to the yogi.

× × ×

27. By making Samyama on the Sun, comes th knowledge of the world.

28. On the moon the knowledge of the cluster o stars.

30. On the navel circle, comes the knowledge of th constitution of the body.

35. In the heart, knowledge of minds.

36 to 39. Samyama on the self-centred one give knowledge of the Purusha. From that arises th knowledge belonging to Pratibha and supernatu ral hearing, touching, seeing, tasting, and smel ling. These are obstacles to Samadhi; but the are powers in the worldly state.

These powers are obstructions to the attain ment of the highest goal, the knowledge of th pure Self, and freedom: If the Yogi rejects then he attains the highest.

When the cause of bondage of the Chitta ha become loosened, the Yogi, by his knowledge c its channels of activity (the nerves), enters an ther body.

The Yogi can enter a dead body, and make i get up and move, even while he himself i working in another body. Or he can enter living body, and hold that man's mind and o gans in check, and for the time being act throug the body of that man. That is done by th Yogi coming to the discrimination of Purush and nature. If he wants to enter another's bod he makes a Samyama on that body and ente it, because, not only is his Soul omnipresent, bu his mind also, as the Yogi teaches.

ઉપલા ફકરાઓની મતલબ એ છે જે ચિત્ત અથવા મનને ચોકકશ વસ્તુ ઉપર એકાગ્ર કરવું તે ધારણા; તેવી તરેહ રોકી રાખવાથી તે વસ્તુનું જ્ઞાન મળે તે ધ્યાન; અને પછી તે વસ્તુનો આકાર જતો રહે અને ફક્ત તેના અર્થજનું ભાન રહે છે તે હાલતનું નામ સમાધિ. જ્યારે ધારણા, ધ્યાન અને સમાધિ જો ક્રમથી એક વિષયમાં કરવામાં આવે તો તે સંયમ કહેવાય છે; એ સંયમ કરવાથી જ્ઞાન પેદા થાય છે. હાથી ઉપર સંયમ કરવાથી હાથીના જેટલી શક્તી આવે છે; સુરજ ઉપર કરવાથી દુનીયાનું જ્ઞાન આવે છે. ચંદ્ર ઉપર સંયમ કરવાથી તારાનું જ્ઞાન મળે છે; નાભી ઉપર કરવાથી શરીરના તમામ ભાગોનું જ્ઞાન આવે છે; હૃદય પર કરવાથી માણસના મનની વાતની ખબર પડે છે. એવી રીતે જુદી જુદી ચીજો ઉપર સંયમ કરવાથી ગેબની વાતો નજર પડે છે, સંભળાય છે, ગેબનો વાસ આવે છે. એ બધી શક્તીઓ) બ્રહ્મજ્ઞાનમાં વિઘ્ન રૂપ થઇ પડે છે પણ આ દુનીયામાં ઘણા જણો તેનો અમલ કરે છે.

જ્યારે ચિત્ત ઉપર એક માણસનો કાબુ આવે છે ત્યારે તે પોતે તે ચિત્તને બીજા માણસમાં પેવસ કરી શકે છે. તે ચિત્તને એક મુડદામાં પણ દાખલ કરી તેને હીલાવી ચલાવી શકે છે, અથવા જીવતા માણસમાં દાખલ થઇ તેની તમામ હીલચાલો પોતાની મરજી મુજબ તેની પાસે કરાવી શકે છે. પણ આજના જમાનામાં બનતાં સુધી મહાત્માઓ કરામત કરતા નથી. (જુવો *Ramakrishna, His Life and sayings by Max Muller page 22*)એ પાને રાય શાલીગ્રામ સાહેબ બહાદુર જેઓ પોસ્ટ માસ્તર જેનરલ હતા, તેમની ટુંક હકીકત આપતાં લેખક કહે છે કેઃ—

It was not till the death of his Guru in 1897 that the Post Master—General felt himself free and justified in leaving the service. He then became a Guru himself, and imparted spiritual instruction to those who came to seek for his help. Often those who came to listen to him were so inspired by his teaching that they renounced the world and began to lead the life of Sanyasins, so that it became a general belief that whoever went to Rai Shaligram would forsake his family and become an ascetic. Nay, it was said that no one could even look at the

lamp burning on the upper story of his house without being influenced to renounce the world to forsake his relations, and thus to become useless to the community at large............The people are convinced that he can work miracles, but he himself regards such things as unbecoming and below his dignity.

પ્રોફેસર મેક્ષ મુંલર ઉપલા અંગ્રેજી ફકરામાં લખે છે કે રાય શાલીગ્રામ બહાદુર (પોસ્ટ માસ્તર જેનરલ) પોતાના ગુરૂના મરણ પછી ગુરૂ થયા. અને ખુદાનું જ્ઞાન જીજ્ઞાસુઓને આપવા લાગ્યા. જે લોકો તેમનું શીક્ષણ લેવા આવતા તેઓ ઉપર એટલી બધી અસર થવા લાગી કે તે લોકો દુનીયાનો ત્યાગ કરી સન્યાસીની જીંદગી ગુજારવા લાગ્યા. આ એટલે હદ સુધી થવા લાગ્યું કે લોકો કહેવા લાગ્યા કે જે લોકે રાય શાલીગ્રામ બહાદુરના દર્શન કર્યાં, અથવા તો તેમના ઘરમાં બળતા દીવા ઉપર જેમની નજર પડી, તેમને તુરત વૈરાગ્ય ઉતપન્ન થયો. લોકો ખાતરીથી માને છે કે રાય સાલીગ્રામ બહાદુર કરામતો કરી શકે છે, પણ તેમ કરવું તેઓ પોતાના દરજ્જાથી હલકું સમજે છે.

વળી એજ ચોપડીને ૫૩ મે પાને શ્રી રામક્રીશ્ણા, જે સ્વામી વિવેકાનંદના ગુરૂ હતા, અને જેઓ છેલ્લા શ્રી કૃષ્ણના અવતાર ગણાય છે તેઓ સારૂ લખતાં મી૦ મેક્સ મુલર કહે છે કે :—

He had attained to great Yoga powers, but he never cared to display these marvellous powers to anybody. He told his disciples that all these powers would come to a man as he advanced, but he warned them never to take any heed of the opinions of men. They had not to please men, but to try to attain the highest perfection, that is, to unity with Brahman. The power of working miracles was rather a hindrance in the way to perfection, inasmuch as it diverted the attention of man from his highest goal. But persons who went to him have found abundant proofs of his possessing such powers as throught-reading, predicting future events

seeing things at a distance, and healing a disease by simply willing. The one great power of which he made most use, and which was by far the most wonderful, was that he was able to change a man's thoughts by simply touching his body. In some this touch produced immediate Samadhi, in which they saw visions of gods and goddesses, and lost for some hours all sensation of the outward changes, but they felt that their thoughts had received a new direction and a new impetus, by which they could easily travel in the path of progress in religion.

તેમનામાં ઘણી મોટી યોગ શકતી હતી પણ એ અદ્ભુત શકતીઓ કોઇને દેખાડવાની તેઓ પરવા રાખતા નહોતા. તેઓ પોતાના ચેલાઓને કહેતા કે દરેક માણસ યોગમાં જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તેનામાં આ શકતીઓ આવે છે. પણ એનો ઉપયોગ નહી કરવા તેઓ હમેશાં ભલામણ કરતાં હતા કારણ કે સંપુર્ણ બ્રહ્મજ્ઞાન મેળવવામાં એ શકતીઓ વિઘ્ન રૂપ છે. પણ જે લોકો એમની પાસે જતા તેમને એમની આ શકતીઓનો ચોક્કસ પુરાવો મળતો હતો. તેઓ માણસોના વિચારો જાણી લેતા, ભવિષ્ય ભાખતા, દુર દેશમાં બનાવો બનતા હોય તે કહેતા અને માત્ર ઇચ્છા કરવાથીજ દુઃખ દર્દ દરે કરતા. ઘણીવાર એક માણસના શરીરને હાથ લગાડવાથી તેના તમામ ખ્યાલો બદલી નાખતા. કેટલાકોને આવી તરેહ સમાધિમાં નાખતા, કેટલાકોને દેવી, દેવતાઓના દર્શન કરાવતા કેટલાકોની મનોવૃત્તિ તમામ ફેરવી નાખતા એટલે કે અધર્મીઓને ધર્મીષ્ટ બનાવતા.

ઉપલા ફકરાઓ ઉપરથી વાંચનારે જોયું હશે કે મ ણુસ બરાબર રીતે યોગાભ્યાસ કરવાથી કરામતો કરવાની શકતી મેળવી શકે છે. પણ એ શકતીઓનો અમલ કર્યા કરવાથી માણુસ ખુદાઇ રાહમાં આગળ વધી શકતો નથી. અર્થાત તે એટલેથીજ સંતોષ માની બેસી રહે છે. જેથી ધાર્મિક ગુરૂઓ હમેશાં પોતાના શિષ્યોને એ શકિતઓનો ઉપયોગ કરવા મના કરે છે. પણુ વખત આવે છે ત્યારે કેટલીક વખત ન છુટકે તે કરવીજ પડે છે.

હવે વાંચનારને ખ્વાજા સાહેબની તેમજ જયપાલ યોગીની કરામતો વિશે કાંઇ શક રહયો હશે નહીં.

જ્યારે જયપાલ હાર્યો અને એ સમાચાર અજમેરના રાજાને થયા ત્યારે રાજા ઘણો નાસીપાસ થઇ ગયો અને ખ્વાજા સાહેબને કાંઇ હરકત કરી નહી. ખ્વાજા સાહેબ પોતે દીનનો બોધ આપવા લાગ્યા. અને રાજાને પણ ઘણો બોધ દીધો પણ તેની ઉપર કાંઇ અસર થઇ નહી. આખરે શાહબુદ્દીન ગોરીએ આવીને દીલ્હી અને અજમેર જીતી લીધાં અને પૃથુરાજને કતલ કર્યો.

ખ્વાજા સાહેબે દીન ફેલાવવાને અર્થે ઘણી કરામતો કરી દેખાડી અને દીનનો બોધ ચાલુ રાખ્યો.

એનો જેમ હીંદ–અલ–વલી કહેવાય છે તેમ ગરીબુન નવાઝ પણ કહેવાય છે. કારણ કે કોઇ પણ ગરીબ માણસ તેમની દરગાહથી નીરાશ થઇ પાછો ફરતો નથી.

ખ્વાજા સાહેબને સિમાઅ (કવ્વાલી ગાયન)નો ઘણો શોખ હતો. ખુદાના આશકોને ગાયન એક રૂહનો એટલે આત્મીક ખોરાક છે. મંદીરોમાં ભજન ગવાય છે તેની પણ અસલ મકસદ એજ હતી કે ગાયનથી ઝોક પેદા થઇ ઇશ્વરી યાદમાં સાંભળનારા ચકચુર થઇ જાય. એ વાત મશહુર છે કે એક વાર હઝરત પીરાન પીર દસ્તગીરે ખ્વાજા સાહેબને પોતાને ઘર આવવાનું નોતરૂં (દઆવત) દીધું ત્યારે ખ્વાજા સાહેબે કહયું કે મને શારીરીક સાથે આત્મીક ખોરાક હમારા તરીકા મુજબ આપશો તોજ હું આવી શકીશ. હઝરત પીરાનપીર સાહેબના સીલસીલામાં સિમાઅ નહોતી છતાં તેમણે કહયું કે તમારી રૂહી મુજબ જરૂર આત્મીક ખોરાક આપીશું. જયારે ખ્વાજા સાહેબ તેમને ત્યાં પધાર્યા ત્યારે ઘણા અવલીયા ત્યાં હાજર હતા, અને મજલીસમાં સર્વેને બેસાડયા અને પોતાના એક ખાદીમને પોતાની ચદર આપી કહયું કે જે વખતે હમો મજલીસથી બહાર ચાલ્યા જઇએ ત્યારે આ ચાદર હમારા ઓરડામાં પાથરી બહારથી ઓરડો બંધ કરી દેજો. પછી પીરાનપીર સાહેબ મજલીસમાંથી બહાર ગયા અને પેલા ખાદીમે ચાદર પાથરી દરવાજા બંધ કર્યા. બંધ થતાની સાથે એવા તરેહ તરેહના રાગો મજલીસમાં સંભળાવા લાગ્યા કે જેથી તમામ મજલીસ હાલમાં આવી ગઇ હતી (ખુદાઇ ઇશ્કમાં ચકચુર થઇ ગઇ હતી).

તેમને બે બીબીઓ હતી. પહેલાં બીબીથી ત્રણ છોકરા તેમને થયા હતા. બીજી બીબીથી એક છોકરીનો જન્મ થયો હતો. ખઝીનતુલ અસ-ફીયા મુજબ ખાજા સાહેબ ૬૩૩ હીજરીમાં, ૯૬ વરસની ઉમરે વફાત પામ્યા.

એઓ ચિસ્તી કહેવાય છે, કારણ કે ચિસ્ત ખાનદાનમાં એવો મુરીદ થયા હતા. ચિશ્ત એક શહેરનું નામ છે જે ઇરાકથી સાત દીવસના રસ્તા ઉપર હેરાત નદી પાસે આવેલું છે. ખાનદાને ચિસ્ત ચાર બુઝરગોથી સ્થપાયું છે. જેમના નામ, ૧ ખ્વાજા અબુ મોહમદ ચિસ્તી. (૨) ખ્વાજા નાસીરૂદીન અબુમોહમદ ચિસ્તી. (૩) ખ્વાજા અબુ-યુસુફ ચિસ્તી. (૪) ખ્વાજા કુતબુદીન મોદુદી ચિસ્તી. જેઓનો સીલસીલો આ ચાર ખ્વાજાઓથી મળે છે તેમને ચિસ્તી કહે છે.

એમના આશરે ૬૬ ખલીફા હતા. જેમા પ્રથમ પદે ખ્વાજા કુતબુદ્દીન અવેશી બખત્યાર કાકી દહેલવી હતા. તેમને જ્યારે ખ્વાજા સાહેબે ખીલાફત આપી. ત્યારે પોતાના પીર હઝરત ઉસમાન હારૂનીનો અસા (લાકડી), કુરાનશરીફ, ઝબ્બો, મુસલ્લો વગેરે તેમને સ્વાધીન કરી કહ્યું કે જે ન્યામત મને મળી હતી તે આ સાથે તમુને સોપું છું. તમો પણ એનો સદુપયોગ કરજો જેથી ખુદાની રૂબરૂ આપણને શરમાવું પડે નહી.

ખ્વાજા કુતબુદીન બખત્યાર કાકીએ પોતાના મરણ આગળ હઝરત શેખ ફરીદુદીન ગંજે શકરને આ બધી ન્યામત સોંપી હતી. તેઓએ હઝરત સય્યિદ અલાઉદ્દીન અલી અહમદ સાબીર સાહેબ અને હઝરત શેખ નીઝામુંદીન મહેબુબે ઇલાહીને સોપી હતી.

ખ્વાજા કુતબુદ્દીન બખત્યાર કાકી.

"He was a celebrated Mahomedan saint of Dehli commonly called Qutb Shah, and sometimes called Ushi from his native country Ush near Andjan in Persia. He died at old Dehli on the 27th November, A. D. 1235, 14th Rabi I; A. D. 633. His tomb is still conspicuous in that district and is visited by devotees. He is the author of a Diwan. Shaikh Farid-uddin Shakar Ganj was one of his disciples." (*Beale's Biographical Dictionary.*)

એમનો જન્મ હીજરી ૬૩૩ માં ઇરાનમાં અઉશ કરી ગામ છે ત્યાં થયો હતો. જેથી એઓ કુતબુદીન બખ્ત્યાર કાકીએ અઉશી કરી કહે વાય છે. "સએરૂલ અકતાબ" નામની કિતાબમાં લખ્યું છે કે એમનો સિલસિલો હઝરત ઇમામ હસનને પુગે છે. એમના પિતાજી એમને દોઢ વરસના મુકી વફાત પામ્યા હતા (ગુજરી ગયા હતા) અને એમના માતુશ્રીએ એમની કેળવણીની સંભાળ લીધી હતી. જ્યારે પાંચ વરસના થયા ત્યારે એમના માતુશ્રીએ તેમને એક પરહેઝગાર પાડોશીને હવાલે કરી કહ્યું કે કોઇ સારા ઉસ્તાદ પાસે એમને લઇ જાવ કે તે "ઇલ્મે ઝાહેરી" અને "ઇલ્મે બાતિની" એટલે કીતાબથી મળતું જ્ઞાન તેમજ દિલ અંદરથી મળતુ એટલે રૂહાની જ્ઞાન એમને આપે. તે પાડોશી એમને લઇ જતા હતા તેવામાં રસ્તામાં એક વલી અલ્લાહ (મહાત્મા) મળ્યા. તેમણે તેને પુછયું કે આ લડકાને કયાં લઇ જાવ છો. તેણે જવાબ દીધો કે કોઇ ઉસ્તાદ ને સોંપવા લઇ જાવું છું. તે વલીએ કહયું કે એને મારે હવાલે કરો હું એને એવા ઉસ્તાદને હવાલે કરીશ જે એને જાહેર અને બાતિન બન્નેનું નમુનેદાર જ્ઞાન આપશે. તે ઉપરથી તે પાડોશીએ કુતબુદ્દીન સાહેબને તે વલી અલ્લાહને સોંપી દીધા. પછી તે વલી કુતબુદ્દીન સાહેબને શેખ અબુ હીફઝ અઉશી પાસે લઇ ગયા અને કહયું "કે આ છોકરાને બન્ને જાહેર અને બાતીન જ્ઞાન, ઘણે સારે દરજ્જેનું આપો." તે ઉસ્તાદ તેમને તાલીમ દેવા લાગ્યા. ચાર દીવસમાં કુતબુદ્દીન સાહેબે કુરાન શરીફ મોઢે કરી લીધું તે જોઇ ઉસ્તાદ બોલ્યા "અય ફરજંદ, તું અજબ બખ્તયાર (નસીબવાળો) છે" થોડા વખતમાં તેમણે બધું જ્ઞાન સંપાદન કર્યું અને તે પછી તેમને ખુદાઇ જ્ઞાન ઢુંડવાનો શોખ પેદા થયો તેથી તેઓ ખ્વાજા મુઇનુદ્દીન ચિસ્તીની સેવામાં ગયા અને તેમના મુરીદ થયા. મુરીદ થયા બાદ હમેશાં ખુદાઇ ખ્યાલમાં લીન રહેતા. એક દીવસ એવીજ હાલતમાં બગદાદ જઇ પુગ્યા. અને એક મસજીદમાં જ્યાં ખ્વાજા સાહેબ ઉભેલા હતા ત્યાં જઇને તેમના કદમ ઉપર પડયા. તે વખતે હઝરત શેખ શાહબુદીન સોહરવર્દી, ઓહદુદીન કેરમાની, શેખ બુરહાનુદીન ચિસ્તી, અને શેખ મોહંમદ ઇસ્ફહાની, ચારે મોટા અવલીયા ત્યાં હતા. અને તેમના તરફથી પણ દુવા અને ન્યામત કુતબુદ્દીન સાહેબને મળી. પછી થોડાજ દીવસમાં, એમને ખ્વાજા મુઇનુદીન ચીસ્તીએ ખીલાફત આપી. ને વખતે કુતબુદ્દીન સાહેબની ઉમર ફકત સત્તર વરસની હતી. ખ્વાજા

સાહેબ હીંદુસ્તાન આવ્યા પછી તેઓ પણ તેમની પાછળ આવ્યા. પછી દીલ્હીના કુતુબ થયા, અને ત્યાં લોકોને બોધ આપવા લાગ્યા.

કુતબુદ્દીન સાહેબ એટલા બધા બંદગીમાં લીન (ઇસ્તીગરાકમાં) રહેતા હતા કે એમનો એક દીકરો ગુજરી ગયો તેની પણ એમને ખબર પડી નહીં. જ્યારે તેને દફન કરીને લોકો ઘેર આવ્યા ત્યાર પછી ઘરમાં માણસો શું કામ રડે છે કરી તેમણે પુછ્યું ત્યારે એમને ખબર પડી કે છોકરો ગુજરી ગયો છે. " અફસોસ," તેમણે જવાબ દીધો " અગર આગળથી ખબર પડી હોત તો તે છોકરાની આખેરત સારૂ દુવા કરતે."

જ્યારે તેઓ દીલ્હીમાં આવ્યા ત્યારે હજારો લોકોએ એમના કદમ આગળ પૈસા ધર્યા પણ તે એમણે કબુલ રાખ્યા નહી. ફક્ત એક ગાંધી (બકકાલ) પાસેથી જોઇતી ચીજો ઉધાર લેતા હતા. જયારે તેના ત્રણસો રૂા૰ ચડી ગયા ત્યારે તે ઉધાર લેવું પણ બંધ કર્યું. પછી દરરોજ તેમના મુસલ્લા (નમાઝ પડવાની સાદડી)ની નીચેથી એક કાક (પુરી જેવી રોટલી) નીકળતી, જે ખાઈ સબર કરતા. એ વાત જ્યારે ગામમાં મશહુર થઇ ત્યારે એમને " કાકી " કરી બોલાવવા લાગ્યા.

એમને સિમાઅ (કૌવ્વાલી)નો બહુ શોખ હતો. તે વખતના કાઝીઓએ તે અટકાવવાની બહુ કોશીશ કરી પણ તેમાં તે ફાવ્યા નહી.

એક દીવસ તેઓ શેખ અલી સંજરી જેમને ત્યાંજ તેઓ રહેતા હતા ત્યાં રાગની મીજલસ સાંભળવા બેઠા. કવ્વાલોએ એક ગઝલ શરૂ કરી જેની પહેલી લીટી નીચે મુજબ છેઃ—

" કુસ્તેગાને ખંજરે તસલીમરા
હર ઝમાન અઝ ગયેબ જાને દીગરસ્ત."

ખુદાની આધીનતાની ખંજરથી જે કપાઇ ગયા છે તેઓને તો દરેક પળે એક નવી નવી જીંદગીજ મળે છે. એટલે કે તેઓ તો આ જીંદગીમાં દરેક પળે મરે છે અને દરેક પળે જીવતા થાય છે.

આ લીટીઓ સાંભળતાની સાથે તેઓ " વજદ " (પ્રેમના જોશ) ની હાલતમાં આવી ગયા હતા. ચાર દીવસ એવી હાલતમાં રહી, પાંચમે દીવસે રહેલત પામ્યા (ગુજરી ગયા). એમણે પોતે પોતાની મઝાર સારૂ એક જગા પસંદ કરી હતી અને ત્યાંજ એમની તુરબત બનાવવામાં આવી છે. હીજરી ૬૩૩માં આ બનાવ બન્યો હતો.

એમણે પોતાના પીર ખ્વાજા હીંદલવલીની હકીકતની એક ચોપડી "દલીલુલ આરેફીન" લખી છે તેમાં ખ્વાજા સાહેબે એમને પોતાના સજ્જાદા નીમ્યા તેની હકીકત પણ લખી છે.

હઝરત કુતબુદ્દીનના બાવીસ ખલીફા હતા. પણ એમણે પોતાના સજ્જાદા તરીકે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન શકરગંજ સાહેબને નીમ્યા હતા.

ખ્વાજા ફરીદુદ્દીન શકર ગંજ.

"For three and twenty centuries has Ajudhan, now called Pakpattan, been known to history—but for the last eight hundred years, as a holy shrine, not as a fortress, has it been revered throughout the Mahomedan world. About the year A. D. 1170 was born a Mahomedan destined to be famous through the ages, who in after life went by the name of Baba Sheikh Farid-ud-din Sahib Shaker Ganj; as a missionary of Islam he attained the foremost place in his time, and his remains were laid to rest in the very heart of the City of Ajudhan he loved so well. Sanctity and fasting and asceticism go hand in hand with the religions of the East, and among many ascetics Baba Farid held first place. So continual was his fasting, that it is said that for thirty years he allowed no food to pass his lips, but that when hungry he had but to place against his body a wooden cake or a wooden bunch of grapes and his hunger was appeased. These bunches of wooden food are still kept at his shrine, and are shown as relics of great

sanctity to the faithful. His fame as a holy man spread even into the remote fastnesses of Afghanistan and the distant cities of Persia and Central Asia. The very name of Ajudhan was changed to that of the "Holy Ferry," and as "Pakpattan" has it been known.":—M. R. Nightingale in "The Pall Mall Magazine," for Nov. 1911.

મી૦ નાઇટીંનગેલ નામના એક ઇંગ્રેજ ગ્રહસ્થે બાવા ફરીદના ઓરસનો એક અતી રસીક અહેવાલ લખ્યો છે તેને મથાળે ઉપરનો ફકરો લખેલો છે. તેની મતલબ એ છે કે, "તવારીખમાં આશરે તેવીસ સદી થયાં અજુધન ગામ જેને હમણા પાક પટ્ટણના નામથી ઓળખીયે છીયે, તે મશહુર છે. પણ આજે આઠસો વરસ થયા ઇસ્લામની દુનીયા તો એક કીલ્લા તરીકે નહી પણ એક પવિત્ર ધામ તરીકે તેની તરફ માનની નજરે જુવે છે. આશરે ૧૧૭૦માં એક મુસલમાનનો જન્મ થયો હતો જેઓ, તેમની જીંદગીના પાછલા ભાગમાં, બાવા ફરીદ તરીકે ઓળખાતા હતા. તેમનું નામ જુગના જુગો યાદ રહેશે. ઇસ્લામ ધર્મના પ્રચારક તરીકે તેમનું નામ તેમના જમાનામાં પહેલી પંકતીએ હતું. અજુધન ગામ જે તેમને ઘણું પ્યારૂં હતું ત્યાંજ તેમની આરામગાહ બાંધવામાં આવી છે. પુર્વના ધર્મોમાં પવિત્રાઇ સાથે અપવાસ (ફાકા કશી) અને રયાઝત (તપ) જોડાયલાં રહે છે એટલે તપેશ્રીઓમાં પણ બાવા ફરીદ પહેલા નંબરે હતા. એમનો અપવાસ એટલો લાંબો હતો કે તીસ વરસ સુધી એમણે મોઢે અન્ન અડવા દીધું નહોતું. જ્યારે બહુ ભુખ લાગતી ત્યારે પોતાના શરીરને એક લાકડાની ચપાટી (રોટલી) કે લાકડાનો દ્રાક્ષનો જુમખો લગાડતા. અને તેમની ભુખ તૃપ્ત થતી. એ લાકડાની દ્રાક્ષોના જુમખા હજુ એમના રોજાપર રાખવામાં આવેલા છે અને મુસલમાનોને દેખાડવામાં આવે છે. એક મહા પુરૂષ તરીકે એમની કીર્તી અફઘાનીસ્તાનના દુર દરાજ પહાડોમાં અને ઇરાનના શેહરોમાં તેમજ મધ્ય એશીયાના શેહરોમાં ફેલાઇ હતી. અજુધનનું નામ પણ પછવાડેથી ફેરવાઇને પાક પટ્ટણ રાખવામાં આવ્યું હતું અને એજ નામે આજે પણ મશહુર છે."

એમનો જન્મ હીજરી ૫૬૯ (ઇ૦ સ૦ ૧૧૭૩)માં થયો હતો. એમનું નામ સૈયદ મસઉદ હતું પણ તેઓ ફરીદુદીનને નામે ઓળખાતા

હતા. તેઓ કાબુલના પાદશાહ ફ્રેરોખશીયરની ઓલાદમાં છે, ને તેમનો સિલસિલો હઝરત અલીને પોહોંચે છે. સુલતાન ઇબ્રાહીમ અદહમની ઓલાદમાં છે. ઇબ્રાહીમ અદહમ બલ્ખ બોખારાના પાદશાહ હતા. પણ એક સ્વપ્ના ઉપરથી એમનું દીલ દુનીયા પરથી ઉઠી ગયું હતું. એમણે સ્વપ્નામાં જોયું હતું કે એક માણસ ઘરના છાપરાં પર હાથમાં ફાનસ લઇ ઉભેલો છે. તેને તેમણે પુછયું કે અંહી શું શોધે છે. તેણે કહયું કે મારૂં ઊંટ ખોવાયલું છે તે અહીં જોઉં છું. "અય મુર્ખા, ઘરના છાપરાં પર તે ઊંટ શોધવાનું હોય," પાદશાહે કહ્યું. તે માણસે જવાબ દીધો "મારા કરતાં તો આગળ વધેલા તમે છો કે રાજ્યપાટની જંજાલમાં તમે ખુદા શોધો છો." આ ઉપરથી તેજ વખત બાદશાહે ફકીરી લીધી. અને આજે પણ તેમની ઓલાદ હમેશાં ફકીરી રસ્તા પરજ ભાવ રાખતી આવી છે.

બાવા ફરીદના દાદા હઝરત શોએબ સાહેબના લગ્ન સુલતાન મેહમુદ ગીઝનીની બહેન સાથે થયા હતાં. હઝરત શોએબ સાહેબ સુલતાન મહમદ ગીઝનીની સાથેજ હીદુસ્તાન તેની અરજ ઉપરથી દીનના ફેલાવા અર્થે આવ્યા હતા. પછી હીંદુસ્તાનમાં ફતેહ મળ્યા પછી હઝરત શોએબ સાહેબ મુલતાનની પાસે રહયા હતા. ત્યાંજ બાવા ફરીદ સાહેબે દીનનો ઇલ્મ લીધો હતો. પછી તેઓ મુલતાન આવી રહયા અને ત્યાંની મદરસામાં દરરોજ પઢવા જતા હતા. એક દહાડો તેમને રસ્તામાં ખ્વાજા કુતબુદીન બખત્યાર કાકી સાહેબ મળ્યા. તેમણે પુછયું:—"બચ્ચા, તું શું શીખે છે" જવાબ મળ્યો "નાફે," કુતબુદીન સાહેબે જવાબ દીધો "નાફેથી તને નફો થશે." એ જવાબ સાંભળતા શેખ ફરીદુદ્દીન પોતે બેહોશ થઇ ગયા અને ખ્વાજા કુતબુદીન સાહેબના મોએતકીદ થઇ ગયા (મ નવા લાગ્યા), અને તેમની સાથે થોડે સુધી દીલ્હીના રસ્તા પર તેમને મુકવા ગયા. ખ્વાજા કુતબુદીન સાહેબે તેમને પાછા વાળ્યા અને કહયું કે "થોડો વધારે વખત મદરસામાં રહી પછી મારી પાસે દીલ્હી આવજો." થોડા વરસ રહી તેઓ દીલ્હી જઇ તેમની ખીદમત કરવા લાગ્યા. એવું કહેવાય છે કે ચીસ્તી સીલસીલામાં બાવા ફરીદ સાહેબ જેવો બીજો આફતાબ (સુરજ) પેદા થયો નથી.

એમણે પોતે પોતાના તન ઉપર ઘણીજ રીયાઝત (સખ્તી) ઉઠાવી હતી. તે એટલે સુધી કે તીશ તીશ વરસ સુધી ભુખા રહયા હતા. કપડાં પણ બહુજ ફાટેલાં પહેરતા હતા. પોતાની અંદરથી "ખુદી" (હુંપણું) કાઢવા સારૂ કેટલીક વાર ભીખ માગી લાવી ખાતા હતા.

એમણે અજુધન ગામ પસંદ કરી ત્યાં પોતાનો મુકામ કર્યો હતો કારણ કે ત્યાંના લોકો "દુરવેશી" (ફકીરી) તરફ બહુ અભાવ રાખતા હતા. એમણે હીંદુ યોગી માફક ઝાડની નીચે બાર વરસ સુધી ઉંધા મસ્તકે લટકીને તપ કર્યું હતું: તે એટલા વાસ્તે કે બીજા ધર્મવાળાઓની ખાતરી થાય કે આ ધર્મવાળાઓમાં પણ એટલુંજ તપોબળ છે.

એમને શકરગંજ કહેવાનું એક કારણ એ છે કે એક વાર ધુળના ઢગલો એમના "શાકર છે" એમ કહેવાથી શાકર બની ગયો હતો. એ ઉપરાંત નાનપણમાં નમાઝ પડતાં તેમના મુસલ્લા નીચેથી શાકર નીકળી હતી તથા વણજારાઓની પોઠમાં તેમના કહેવાથી નીમકની શાકર થઇ ગઇ હતી એ કારણો પણ "શકરગંજ" નામ માટે જણાવવામાં આવ્યાં છે.

એમણે પુશ્કળ કરામતો કરી હતી. એક વખત "દુરવેશી" શું ચીજ છે તે ઉપર વાત નીકળતાં તેમણે કહ્યું કે દુરવેશને ચાર ચીજ જોઇયે:-૧. આંખોને આંધળી કરવી કે કોઇની એબો અથવા ખામી જુવે નહી. ૨. કાનોને બહેરા કરવા કે નહી સાંભળવા જેવી ચીજો સાંભળે નહી. ૩. ઝબાનને મુંગી કરવી કે ખુદા તઆલાના ઝીક્ર વગર મોઢાંમાથી કાંઈ બીજો બોલ નીકળે નહી. ૪ હાથ અને પગ ને ખુદાના કામ સીવાય હલાવવા ચલાવવા નહી.

આમજ મૌવલાના જલાલુદ્દીન રૂમીએ મસનવી પણ કહ્યું છે:-

ચશ્મ બંદ વ લબ બબંદ વ ગુશ બંદ,
ગર ન બીની સીરરે હક બર મા બખંદ.

અર્થ:—આંખ બંધ કર, હોઠ બંધ કર અને કાન બંધ કર અને જો ખુદાઇ વાતોનો ભેદ ન માલમ પડે તો પછી મને હસી કાઢજે.

એમને ખ્વાજા હીન્દ-લ-વલી તથા ખ્વાજા કુતબુદ્દીન સાહેબ બન્ને તરફથી ન્યામત મળી હતી. એટલે એમની રૂહાની તાકતનો પાર નહોતો. એમ કહેવાય છે કે એક દીન એઓ બોલ્યા કે "ખુદા જે કાંઇ કરે તેજ થાય છે" તો હવામાંથી જવાબ મળ્યો કે "ફરીદ જે કાંઇ કહે છે તેજ થાય છે."

તેઓ પચાણું વરસની ઉમરે વફાત પામ્યા. એમનો રોઝો પાક પટ્ટણમાં છે. તે રોઝાને એક દરવાજો છે જે જીન્નતી દરવાજો કહેવાય છે. તે એમના ઓરસને વખતે ખુલે છે અને તેમાંથી જે પસાર થાય છે તેને જીન્નત મળે છે. એ માન્યતાને લીધે હઝારો મુસલમાન, અફઘાનીસ્તાન, ઇરાન તરફથી તેમજ હીંદુસ્તાનના તમામ ભાગોમાંથી ત્યાં તે દીવસે જાય છે.

સીખ લોકોના ગુરૂ નાનકને તેમના ખાનદાન તરફથી ખુદાઇ જ્ઞાન મળ્યું હતું અને તેઓ દર વરસે પાક પટ્ટણ જતા હતા. બાવા ફરીદના ખલીફાએ.નો કાંઇ પાર રહયો નથી. એમણે પોતાની ન્યામત હઝરત સઇયદ અલાઉદ્દીન અલીએહમદ સાબીર સાહેબ અને હઝરત નીઝામુદ્દીન અવલીયાને આપી હતી.

બાવા ફરીદના વખતમાં એટલો બધો દીનનો પ્રચાર થયો હતો કે કાંઇ કહેવાની વાત નહી. એમના ખલીફા નીઝામુદ્દીન અવલીયા, મહબુબે ઇલાહી, કહી ગયા છે કે:—

ખુદી અગર નબુવત બાદ અઝ નબી રવા,
ગોફ્તી તમામ ખલ્ક મરઉરા પયમ્બર અસ્ત.

અર્થ:—કે જો નબી પછી કોઇ બીજાને નબી કહેવાનું રવા હોત તો તમામ દુનિયા કહેતે કે એ (બાવા ફરીદ) પેગંબર છે.

માંગરોલની ગાદીના મહાન બુજુર્ગો એ બાવા ફરીદ સાહેબનીજ ઓલાદમાં છે.

મખદૂમ અલાઉદ્દીન અલીએહમદ સાબિર.

એમનો જન્મ હીજરી સને ૫૯૨, રબીઉલ અવ્વલની ૧૯ મી તારીખે થયો હતો. તે બાવા ફરીદ સાહેબના બહેનના દીકરા હતા. એમના પિતાશ્રી હઝરત ગૌસુલ આઝમ, પીરાંન પીર દસ્તગીરની ઓલાદમાં હતા.

જ્યારે તેઓ આઠ વરસના થયા ત્યારે એમના માતુશ્રીને બગદાદ તરફ જવાનું થયું એટલે તેઓ એમને પોતાના ભાઇ બાવા ફરીદ સાહેબને સોંપીને કહયું કે "એને હર તરેહથી રાજી રાખજો અને આપનું બચ્ચું સમજી એનું જતન કરજો અને તઆલીમ આપજો. હું પાછી આવીશ ત્યારે એ બી જુવાન થઈ રહેશે પછી એની શાદી કરીશ." જતાં જતાં એટલું વધારે કહી ગયાં કે "બચ્ચાંને બચપણમાં જરા ભુખ વધારે લાગે તો તેનો જરા ખ્યાલ રાખજો." બાવા સાહેબે મખદૂમ સાહેબને લંગરખાનું ખાવું વહેંચવાનું કામ (ફકીરો તથા બીજા બધાંને ખાવાનું

કાઢી આપવાનું કામ) સોંપ્યું. જેથી એમના બહેનને, તેમના બેટાને ખાવાનું બરાબર મળશે કે નહી, એવી ફીકર રહે નહી.

મખદુમ સાહેબ લંગરખાનું વહેંચવાનું કામ એવા સારા બંદોબસ્તથી કરવા લાગ્યા કે બધા ફકીરો બહુ રાજી થયા.

થોડો વખત રહી બાવા ફરીદ સાહેબે એમને પોતાના મુરીદ કર્યા અને મખદુમ સાહેબ બાવા સાહેબની ખીદમત પણ લંગરખાનાના કામ સાથે કરવા લાગ્યા. તેઓ પહોર દહાડાની (ચાસ્ત)ની નમાઝ પડી પોતાના ઓરડામાંથી બહાર આવી લંગર વહેંચતા પછી પાછા પોતાના ઓરડામાં જઇ ઇબાદતમાં રોકાતા. તે વખતથી તે સુરજ અસ્ત પામે ત્યાં સુધી ત્યાંજ રહેતા. અને કોઇને એમના ઓરડામાં દાખલ થવા નહી દેતા. સુરજ અસ્ત પામે તે વખતે લંગર વહેંચી પાછાં પોતાના ઓરડામાં જતા. રાત પણ ઇલાહીની યાદમાંજ કાઢતા હતા. દુનીયા કે દુનીયાના લોક તરફ જરા પણ એમનું ધ્યાન લાગતું નહોતું. ખુબીની વાત તો એ છે કે મખદૂમ સાહેબ લંગર વહેંચતા રહયા પણ તેમાંથી બીલકુલ પોતાના વપરાશમાં લીધું નહી, અને પોતે ઘણી મુદત ખાધા વગરજ કાઢી. તેમનામાં રૂહાની તાકત એટલી બધી વધી ગઇ હતી કે અનાજની પરવા રહી હતી નહી. ખોરાક વગર ચલાવી શકતા હતા, પણ બદન તદન સુકાઇ ગયુ હતું. એક દીવસ બાવા ફરીદ સાહેબે મખદુમ સાહેબને બોલાવી પુછયું. "બેટા અલાઉદીન, આ લંગર તું વહેંચી આપે છે તેમાંથી કાંઇ ખાય છે કે નહી?" તેમણે જવાબ દીધો. "આપે તો મને લંગર વહેંચી આપવા ફરમાવ્યું હતું, ખાવાનો હુકમ દીધો હતો નહી જેથી હું કેવી તરેહ ખાઇ શકું?" બાવા ફરીદ સાહેબ આ જવાબ સાંભળી બેહદ ખુશીથી જોશમાં આવી કહયું કે "આપણો અલાઉદીન સાબિર છે" એટલે ઘણો સબુરીવાળો છે. તે દીવસથી એઓ સાબિર સાહેબને નામથી ઓળખાવા લાગ્યા. પછી જ્યારે બાવા ફરીદ સાહેબના હાથ તળે સાબિર સાહેબે સંપુર્ણ બાતેની જ્ઞાન સંપાદન કર્યું ત્યારે તેમને ખીલાફત આપી. જ્યારે તેઓ પોતાના મુરીદોને ખીલાફત આપતા ત્યારે તેમને ખાસ નસીહત કરી પછી દીનનો બોધ કરવા બીજે શેહરે રવાના કરતા. જ્યારે તેઓએ સાબિર સાહેબને ખીલાફત આપી ત્યારે તેમણે પુછયું "મ્હારે સારૂ શું હુકમ છે?" ત્યારે ફરીદ સાહેબે જવાબ દીધો "અય સાબિર, જે શેહર પસંદ પડે ત્યાં જઇ રહો અને મખલુકને ખાલીકના રસ્તાપર મજબુત કરો." સાબિર સાહેબે દીલ્હી પસંદ કર્યું અને બાવા ફરીદ સાહેબે ખીલાફતની સનદ તેમને આપીને કહયું "કે દીલ્હીમાં

મારા ભાઇ કુત્બ જમાલે હાંસવી પાસે જઇ આ સનદ પર મોહોર કરાવ લેજો." જ્યારે સાબીર સાહેબ કુત્બ જમાલ હાંસવી પાસે જઇ પુગ ત્યારે તેઓએ તેમને ઘણા આદરભાવથી બેસાડયા, અને બહુજ માન આ રામ આપ્યું. મગરેબની નમાઝ પઢયા પછી સાબીર સાહેબે તેમને કહયું આ સનદ પર મોહોર કરી આપો. કુત્બ સાહેબે કહયું કે સવારે કરીશ રાતના અંહીયાજ આરામ કરો. પણ સાબિર સાહેબે જીદ કરી કહયું હમણાજ કરો. અંધારૂં થઇ ગયું હતું જેથી દીવો મંગાવ્યો પણ દીવે પવનથી હોલવાઈ ગયો જે ઉપરથી સાબિર સાહેબે પોતાની આંગલીમાંથ રોશની પ્રગટાવી. જે જોઇ કુત્બ જમાલ સાહેબ બોલ્યા કે ભાઇ, તારી આટલી બધી રોશની (રૂહાની તાકત) સારૂ દીલ્હી તૈયાર નથી. એમ કહ સનદ ફાડી નાખી. જે ઉપરથી ગુસ્સામાં સાબીર સાહેબ પાછા બાબા ફરી સાહેબ પાસે ગયા, અને બીજી સનદ માગી, જે ઉપરથી તેમણે સાબિ સાહેબને બીજી સનદ લખી આપી અને કલીયર જવા ફરમાવ્યું.

એવો કલીયર આવ્યા ત્યારે તે મોટું આબાદ અને રોનકવાળુ શેહર હતું. ઉમરાવો, ઉલમાઓ વગેરે ત્યાં મોટી સંખ્યામાં હતા. જ્યા સાબિર સાહેબ નમાઝ પઢવા જતા ત્યારે છેક નાકેની હારમાં પણ જગ મળતી નહોતી. એક દીવસ તેઓ પોતાના ખાદીમો સાથે જઇ આગળથ પહેલ્લી હારમાં ઉભા રહી ગયા. જ્યારે ઉમરાવો વગેરે પોતાના હમેશ વખતે આવીને હાજર થયા તો જોયું કે પહેલ્લી હાર ભરાઇ ચુકી હત ત્યાંથી તેઓના નોકરોએ સાબિર સાહેબને ને એમના માણસોને હઠી જવ કહયું. પહેલા સાબીર સાહેબે ના કહયુ; પછી તેઓએ નહીજ માન્યું ત્યા સાબિર સાહેબ ત્યાંથી પોતાના ખાદીમો સાથે જઇ છેક છેલ્લી હાર હત ત્યાં ઉભા. અને જતા જતા કહયું કે "ખુદાના ઘરમાં પણ દુનીયા મગરૂરી તમારા મગજમાં રહે છે અને હકુમતનો ગર્વ રાખો છો, તમા મનમાંથી તકોબરી જતી નથી તો ભલે હમે જઇયે છીયે. તમો અંહીં બેસજો." પછી બધી મસજીદ જ્યારે માણસોથી ભરાઇ ચુકી ત્યારે તેમાં મસજીદને કહયું:–"તું દરરોજ ઉભી રહીને શું કરે છે આજે તારા માલ કને તું પણ સીજદો કર." એ બોલતાની સાથે મસજીદ તુટી પડી અ અંદર બેઠેલાઓનો મોટો ભાગ દબાઇ મુવો.

પછી કલીયર તારાજ થવા લાગ્યું આ વાત જ્યારે દીલ્હી અ બીજે ઠેકાણે પોહોંચી ત્યારે કુત્બ જમાલ હાંસવી સાહેબે સાબિર સાહેબ દીલ્હીની ખીલાફતની સનદ ફાડી નાખવાનો ભેદ સમજાયો, નહીતર દીલ્હી પણ એજ હાલ થતે.

પછી ત્યાં સાબીર સાહેબ એક ઝાડ નીચે દીન અને રાત ઉભા રહી ખુદાના ધ્યાનમાં રહેતા હતા. એ વાત બાવા ફરીદે પોતાના આત્મીક જ્ઞાનથી જાણીને તેમણે કહયું કે એવો કોઇ માણુસ છે જે મહારા સાબિરને બેસાડવામાં ફત્તેહમંદ થાય. જે ઉપરથી હઝરત ખ્વાજા શમશુદીન તુર્ક ત્યાં જવા તૈયાર થયા અને ત્યાં જઇ પીઠ તરફ દુર ઉભા રહી કુરાન શરીફ પઢવા લાગ્યા. સાબિર સાહેબના કાનપર અવાજ જવાથી, આમ તેમ જોતાં હઝરત ખ્વાજા શમશુદીન પર નજર પડી. તેઓએ તેમને કહયું કે અલ્લાહના સખુન મને સંભળાવ. હઝરત ખ્વાજા શમશુદીને કહયું કે હું દુરથી આવેલા છું તેથી થાકી ગયો છું. ઉભા ઉભા મારેથી પઢાતું નથી. સાબિર સાહેબે કહયું કે " હું કયાં કહુ છું કે ઉભો ઉભો પઢ, બેસીને પઢ. " શમશુદીન સાહેબે જવાબ દીધો કે આપ ઉભા રહો અને હું બેસું એ બને ? આપ બેસો તો હું બેસીને પઢું; જે ઉપરથી સાબિર સાહેબ જમીન પર બેઠા અને શમશુદીન સાહેબ પઢવા લાગ્યા. પછી તેઓ સાબિર સાહેબની પાસેજ રહયા અને તેમની ખીદમત કરવા લાગ્યા જેથી સાબિર સાહેબની ખીલાફત તેમને મળી હતી.

વીસ વરસ સુધી શમશુદીન સાહેબે ખીદમત કીધી; પછી સાબિર સાહેબે તેમને ફરમાવ્યું કે હવે અહીંથી જાવ ને શાહના સ્વારોમાં નોંધાઇ નોકરી કરો. અને મહેનત કરી રોઝી કમાવો આટલું યાદ રાખજો કે જે દીવસે તમારેથી કાંઇ કરામત થશે તેજ દીવસે હુ આ દુનીયા છોડીશ. આથી શમશુદીન સાહેબ ઘણી નારાજીથી જઇને સુલતાન અલાઉદીન ખીલજીના લશ્કરમાં જોડાયા. હવે અલાઉદીન ખીલજીએ ચીતોડ ગઢ પર ઘેરો ઘાલ્યો અને તે લશ્કરમાં શમશુદીન સાહેબ પણ હતા. બહુ વખત ઘેરો રહયો પણ ચીતોડનો કીલ્લો ફતેહ થયો નહી. આથી અલાઉદીને નારાજ થઇ તે વખતના દરવેશોને પુછયું કે ઘેરો ઉઠાવી લેવો કે શું કરવું. એક દરવેશે જવાબ દીધો કે તારાજ લશ્કરમાં એક માણુસ છે, તે દુવા કરશે તોજ કીલ્લો જીતાશે. જે ઉપરથી પાદશાહે પુછયું કે હું તેને શી રમેશે પીછાની શકીશ. તે દરવેશે કહયું કે આજે રાતે જોરથી વાવીઝોડું થશે, તેમાં લશ્કરના તંબુઓમાં બધી બત્તીઓ બુજાઇ જશે. ફકત એક બત્તી નહી બુજાશે. તે બત્તી આગળ તે બુઝુર્ગ બેઠેલા હોશે. તે રાતે તે દરવેશના કહેવા મુજબ તોફાન થયું. એક તંબુમાં બત્તી બળતી હતી. ત્યાં જઇને પાદશાહે જોયું તો એક શખ્સ બેઠા બેઠા કુરાન

પડતા હતા. જ્યારે તેઓ કુરાન પઢી રહ્યા ત્યારે પાદશાહે તેમની પાસે હાજર થઇ બહુ અદબથી તેમને કાલાવાલા કર્યા કે દુવા કરો કે "આ કીલ્લો ફતેહ થાય." શમશુદીન સાહેબે બહુ કહ્યું કે મહારામાં એવી તાકત નથી. શું એ તાકત હોતે તો હું સવારની નોકરી કરતે? તેમણે બહુ કહ્યું પણ પાદશાહ એકનો બે થયો નહી. શમશુદીન સાહેબને પોતાના પીરે કહેલી વાત યાદ આવી જે ઉપરથી તેમણે પાદશાહ પાસે માંગણી કરી કે મને મહારો ચઢેલો પગાર અપાવી દો અને મહારૂં રાજીનામું લઈ લો પછી હું દુર જઇ તમારે સારૂ દુવા કરીશ અને કીલ્લો આજેજ ફતેહ થશે.

પછી ત્યાંથી નીકળી જેમ બને તેમ જલદી કલીયર શરીફ આવ્યા તો જોયું કે સાબિર સાહેબે આ ફાની દુનીયા છોડી દીધેલી હતી. આવીને એમની મુબારક લાશને દફન કરી. આ બનાવ કેટલીક કીતાબો મુજબ હી૦ સ૦ ૬૯૦ માં બન્યો હતો.

હજારો લોકો એમના ઓરસ પર દર વરસે કલીયર શરીફ જાય છે. આવા મહાન બુજુર્ગ પણ બાવા ફરીદ સાહેબના મુરીદ હતા.

હઝરત નીઝામદ્દીન અવલીયા,

(મહબુબે ઇલાહી.)

"Shaikh Nizamuddin Aulia, styled Sultan-ul-Mushayekh, was one of the noblest disciples of Shaikh Farid-uddin Shakarganj, and a most celebrated saint among the Musulmans. He was born at Badaon in October, A. D. 1236, Safer, A. H 634, and died at Dehli, on Wednesday the 3rd April, A. D. 1325, 18th Rabi 1 A. H. 725, where he lies buried, and his tomb which is in Ghayas-pur is visited by the Muhammadans to this day Amir Khusro the poet, was one of his disciples.'
—Beale's Biographical Dictionary.

એમનું નામ મોહમ્મદ બિન અહમદ હતું. સુલતાનુલ મશાએખ, નીઝામુલ અવલીયા, અને મહબૂબે ઇલાહી એ એમના લકબો (ખીતાબો) છે. એમનો જન્મ હીજરી ૬૩૪માં થયો હતો. એમના દાદા ખ્વાજા અલી અને એમના નાના (માના બાપ) ખ્વાજા, અરબ બન્ને બોખારાથી આવ્યા હતા. થોડા દીવસ લાહોર રહી પછી બદાઉનમાં તેમણે મુકામ કર્યો હતો. એમના બાળપણમાંજ એમના પિતા ગુજરી ગયા હતા. જ્યારે શીખવા લાયક ઉમરના થયા ત્યારે ઘરમાંજ અભ્યાસ શરૂ કર્યો અને કુરાનશરીફ વગેરે શીખ્યા. બાર વરસની ઉમ્મરના થયા ત્યારે એક દીવસ ઘરમાં બેઠા પઢતા હતા કે મુલતાનના એક કવ્વાલે આવી એમની પાસે દુરવેશોની વાત કરી. તેણે કહયું કે મુલતાનમાં એક દુરવેશ છે જેનું નામ બહાઉદીન ઝિકરીયા છે જે બહુ ઇલ્મે બાતીનમાં પ્રવિણ છે, પણ એ નામથી કાંઇ નીઝામુદીન સાહેબ ઉપર અસર થઇ નહી. પછી તેણે કહયું કે અજુધનમાં એક બીજા દુરવેશ છે જેમનું નામ બાવા ફરીદ છે; એ નામ સાંભળતાની સાથે એક જાતની મોહોબ્બત નીઝામુદીન સાહેબના મનમાં પેદા થઇ અને રાત દીવસ ફરીદ, ફરીદ કરી બોલવા લાગ્યા. પછી એઓ દીલ્હી ગયા અને ત્યાં ઇલ્મ હાંસલ કર્યો. તેમણે બહાસ (debate=શાસ્ત્રાર્થ)માં બહુ નામ કાઢયું, પછી તેઓ બાવા ફરીદ સાહેબ પાસે ગયા. બાવા ફરીદ સાહેબ એમને જોઇને બોલી ઉઠયા:—

> અયે, આતશે ફિરાકત દીલહા કબાબ કરદી
> સૈલાબે ઇસ્તીયાકત જાંહા ખરાબ કરદી.

અર્થ:—તારી જુદાઇના આતશથી દીલના કબાબ થઇ ગયા છે તારી મોહોબ્બતની રેલથી કાંઇક જીવ ખરાબ થઇ ગયા છે.

નીઝામુદીન સાહેબે ફકત એટલોજ જવાબ દીધો કે હું કદમબોસી સારૂ હાજર થયો છું. તેજ દીવસે બાવા ફરીદ સાહેબે એમને મુરીદ કર્યા. પછી થોડો વખત રહી ખલીફા બનાવી એમને દીલ્હી રવાના કર્યા. દીલ્હીમાં પણ તેઓ બાવા ફરીદ સાહેબના ફરમાવ્યા મુજબ હમેશાં રયાઝત કરતા હતા એંસી વરસની ઉમર થઇ ત્યાં સુધી બરાબર રોઝા રાખતા હતા. રોઝો છોડતી વખત સ્હેજ કાંઇ મોઢામાં નાખતા. રાત્રે "સહેરી" (રોજો રાખવા આગળ ખાવું તે) પણ કરતા નહોતા. એક દીવસ એમના ખાદમે સમજાવ્યા કે આમ કરવાથી નબળાઇ બહુ થઇ જશે તો તેમણે

જવાબ દીધો કે "મસજીદના ઓટલા પર ને બીજે ઠેકાણે બી કેટલા ગીરફીનો ને દુરવેશો બીલકુલ ભુખા પડેલા હશે. એટલે મારે ગળે ખાવાનું કેવી તરેહ ઉતરે ?" બાવા ફરીદ સાહેબે એમને ખીલાફત આપી ત્યારે કહયું હતું કે "ખુદાતઆલાએ તને ઇલ્મ આપ્યો છે, અકકલ આપી છે, અને ઇશ્ક (ખુદા તરફનો પ્યાર) આપ્યો છે. જેમાં એ ત્રણ વાતો હોય તેજ મશાયખોના ખલીફા થવાને લાયક છે."

એમને કૌવ્વાલી (સિમાઅ)નો બહુ શોખ હતો. તે વખતના કાજી ઓએ તેમને અટકાવવાની કોશીશ કરી પણ તેમાં તેઓ ફાવ્યા નહી.

જ્યારે તેમના વફાતનો વખત નજદીક આવ્યો ત્યારે ચાલીસ દીવસ આગળથી ખાવા પીવાનું છોડી દીધું હતું અને વારે ઘડીયે કહેના હતા કે "જાતા હું" અને પોતાના ખાદમોને કહયું કે જો કાંઇ પૈસા કે ચીજ ઘરમાં બાકી રહયું તો કયામતને રોઝ તે સારૂ જવાબ આપવો પડશે." ઘરમાં કાંઇ પણ રહેવા દીધું નહી, બધું ખેરાતમા અપાવી દીધું. અને ૭૨૫ (હીજરી સને) રબીઉલ અવ્વલની ૧૮ મી તારીખે ઉઠી ગયા. એમનો મઝાર શરીફ દીલ્હીમાં છે.

એમણે પોતાની ખીલાફત હઝરત શેખ નાસીરૂદીન ચેરાગે દહેલ-વીને આપી હતી. તે વખતના કવી અમીર ખુસરો એમના મુરીદ હતા અને એમના બહુજ માનીતા હતા. એક દીવસ એમણે તેમને કહયું કે જ્યાં સુધી તને લઇશ નહી ત્યાં સુધી હું બહેસ્તમાં પણ પગ મુકીશ નહી.

જ્યારે નીઝામુદીન સાહેબ ગુજરી ગયા ત્યારે અમીર ખુસરો હાઝર નહી હતા. તેઓ પછીથી આવ્યા અને બહુજ દીલગીર થયા. અને પછી આ દુનીયામાં ફકત છ માસ જીવી પોતાના પીરને જઇ મળ્યા. એમનો મઝાર શરીફ પણ તેમનાજ રોજાના સહેનમાં છે. આ મહાન બુજુર્ગ નિઝામુદીન સાહેબ પણ બાવા ફરીદ સાહેબના મુરીદ હતા

હઝરત પીર સલીમ સાહેબ ચીશ્તી.

Shaikh Salim Chishti, of Fathapur Sikri, sur-named Shaikh-ul-Islam, a Muhammadan saint, who

during his life was greatly revered by the emperor Akbar. It is said that by his prayers the king was blessed with several children. His Father Baha-ud-din was a descendant of Shaikh Farid Shakarganj. He was born at Dehli in A. D. 1478, A. H., 833, was a disciple of Khwraja Ibrahim Chishti, and resided on a hill close to the village of Sikri about 20 miles from Agra. By the liberality of the emperor, he was enabled to build a splendid Masjid or mosque on the hill, called the Masjid of Fathapur Sikri, which was completed in A. D. 1571, A. H. 979, at a cost of five lakhs of rupees. He died a few months after its completion on the 13th February, A. D. 1572, 27th Ramazan, A. H. 979, aged 96 lunar years, and was buried on the top of the hill, where his tomb is to be seen to this day. He was one of the chief saints of Hindustan, and some of his sayings have been found worthy of commemoration......

Twenty four times Salim Chishti is said to have gone on a pilgrimage to Mecca and returned again. His bread was made of singharas (water-nuts) that were produced in the reservoir of Sikri:— Beale's Biographical Dictionary.

પીર હઝરત શેખ સલીમ ચિશ્તીનો જનમ હીજરી શને ૮૩૩માં થયો હતો. તેઓ ખ્વાજા ઇબ્રાહીમ ચિશ્તીના મુરીદ હતા. મોગલ શેહનશાહ, અકબરનું વય ૩૦ વરસનું થયું ત્યાં સુધી તેમને ઓલાદ નહોતી જેથી એમણે ખ્વાજા હીંદલ વલીની દરગાહ પર પોતાની બેગમો સાથે આગ્રાથી પગે ચાલીને જવાની માનત લીધી હતી. આગ્રાથી અજમેર ૩૫૦ માઇલ થાય છે, અને પાદશાહ જનાના સાથે દરરોજ ૭ માઇલ મુસાફરી કરતા. આવી તરેહ બહુ ઠાઠમાઠથી અઢી ત્રણ માસે સ્વારી અજમેર જઇ પુગી. અકબરને ત્યાં રાતના સ્વપ્નામાં હીંદલ વલી ખ્વાજા સાહેબે

કહ્યું કે આગ્રાથી ૩૦ માઇલ દુર ફત્તેહપુર સીક્રી નામનું ગામ છે તેની પડોશમાં એક ડુંગર છે જ્યાં ૮૬ વરસની ઉમરના એક પીર રહે છે તેમની પાસે જાવ. તેઓ તમારી ઇચ્છા પુરી કરશે.

જે ઉપરથી અકબર બાદશાહ ત્યાં આવ્યા અને તેમના મુરીદ થયા. આ બુઝુર્ગ પીરનું નામ હઝરત પીર સલીમ સાહેબ ચિસ્તી હતું. આ પીરે અકબરને આશીર્વાદ આપ્યા અને અકબરને પેટે પુત્ર અવતર્યો જેનું નામ શાહજાદા સલીમ રાખ્યું. જયારે શાહજાદો સલીમ ગાદીએ આવ્યો ત્યારે નામ જહાંગીર ધારણ કર્યું.

બાદશાહ અકબરે એક મસજીદ હઝરત શેખ સલીમ ચિસ્તીના માનમાં બાંધી હતી. જે હજુ પણ જોવા લાયક છે. આ મસજીદની મધ્યમાં ૧૦૮ વરસની વયે પડદે થયલા શેખ સલીમ ચીસ્તીની દરગાહ છે. તે આરસના પથ્થરની બાંધેલી છે. દરગાહના થાંભલા પર અને છત્રી ઉપર મોતીની છીપોનું કામ છે, જેવું દુનીયામાં બીજે કોઇ પણ ઠેકાણે નથી. આ પીર સાહેબ પણ બાવા ફરીદની ઓલાદના હતા, એટલે દીલ્લીના બાદશાહો પણ આ ખાનદાનનાજ મુરીદ હતા.

હઝરત બદરૂદીન સુલેમાની ચિસ્તી.

એઓ હઝરત બાવા ફરીદ સાહેબના પુત્ર હતા, અને હઝરત અલી અહમદ સાબીર સાહેબના શિષ્ય હતા. એમને ચિસ્તી અને કાદરી, બન્ને ખાનદાનની ન્યામત મળી હતી.

શેખ રૂકનુદીન ચિશ્તી, (કાને શકર.)

તેઓ પાક પટ્ટણવાળા બાવા ફરીદ સાહેબના દીકરા બદરૂદીન સુલેમાનીના પૌત્ર અલીમુદીન મહમદના દીકરા થતા હતા. અમદાવાદના સુલતાન અહમદના તેઓ પીર હતા.

શેખ રૂકનુદીન પોતે જાહેર અને બાતીન ઇલ્મમાં પ્રવીણ હતા, અને શેખ ઝાહેદ ચીસ્તી તરફથી એમને ખીલાફત મળી હતી. એઓ ૧૦૫ વરસની ઉમરે પુગ્યા હતા પણ હમેશાં જવાન જેવાજ દેખાતા હતા.

આખો વખત ખુદાની યાદમાં મશગુલ રહેતા હતા. પડદે થતી વખતે "યા હઇયુમ યા કઇયુમ" એ શબ્દો એમના મુખમાથી નીકળ્યા હતા. પછી ઇશ્કની એક હાય મોઢામાંથી નીકળી અને આ દુનીયામાંથી ઉઠી ગયા. તે વખતે ગેબથી અવાજ શેહરમાં સંભળાયો કે "ખ્વાજા રૂકનુદીનની જનાઝાની નમાઝ જેણે પઢવી હોય તે જલદીથી તૈયાર થાવ." એ ઉપરથી તમામ શહેરનું લોક નમાઝ સારૂ તેમના ઘર આગળ ટોળે થયું. તેઓ ગુજરાતમાં "બાબા ફરીદને" નામે ઓળખાય છે. તેઓ ૨૨મી શવાલ, હીજરી સને ૯૧૧ ને રોજ પડદે થયા છે. પીરાન પટણમાં એમનો મઝાર છે. એમનાથી ગુજરાતના હજારો માણસને ફેઝ પોહોંચેલો છે.

માંગરોલની ગાદી.

ગુજરાતમાં ચીશ્તી સંપ્રદાય.

એકલબારા વાળા પીર કાયમુદ્દીન બાવા સાહેબ.

જ્યારે પાક પટ્ટણવાળા હઝરત સૈયદ મસઉદ શેખ ફરીદ શકરગંજ સાહેબ, જેમની તવારીખ આ ચોપડીમાં આગળ આપવામાં આવી છે તેઓ આ દુનીયાથી ઉઠી ગયા ત્યારે ગુજરાતમાં ચીસ્તી સીલસીલાનું કોઇ ધામ હતું નહી. તેમના ઉઠી ગયા પછી આશરે ત્રણુસો વરસ પછી તેમનીજ ઓલાદના વલીઓ જેવા કે ખ્વાજા રૂકનુદીન કાને શકર, જેમની હકીકત આગળ આપી છે, તે અમદાવાદ પાસે ઉત્તર ગુજરાતમાં પીરાન પટ્ટણ (પાટણ) માં આવીને રહયા હતા. ત્યાથી બાવા ફરીદ સાહેબની ઓલાદના કેટલાકો કડી ગામ છે ત્યાં આવ્યા. આ વલીઓના સીલસીલામાં એક શાહ કાયમુદીન બાવા નામના પીર થઇ ગયા છે. જેઓ ઘણા મોટા દરજજાના મહાત્મા હતા. આખી ઉમર તેઓએ માંસાહાર કર્યો નહતો જેથી હીંદુ કોમ ઉપર તેમની બહુજ છાપ પડી

હતી. એમના ગુજરી જવા પછી પણ એમનો રોજો શરીફ જ્યાં છે તેની ચોપાસના મેદાનમાં કોઇ પણ માંસ લઇ જઇ શકતું નથી કે માંસાહાર કરી શકતું નથી.

શાહ કાયમુદ્દીન બાવાના પિતા હઝરત બદરૂદ્દીન સાહેબ કેટલાક દીવસ એકાંતમાં ખુદાતાલાના ધ્યાનમાં બેઠેલા હતા તે વખતે શાહ કાયમુદ્દીન સાહેબનો જન્મ કડી ગામમાં થયો હતો. બેટાનો જન્મ થવાની બાપને ખબર પણ પડી નહતી. એક દીવસ જયારે નમાઝ પઢવા સારૂ પોતાના મકાનની પાસે હોજ ઉપર તેઓ બેઠા બેઠા વઝુ કરતા હતા (હાથ મોઢું ધોતા હતા) ત્યારે દાઇએ આવી ખબર આપી કે તેમને ત્યાં પુત્ર અવતર્યો છે જે ઉપરથી તેમણે તેને તે બાળકને હાજર કરવા ફરમાવ્યું. તે દાઇ બાળકને લઇને આવી કે તેને હાથમાં લઇ બાવા સાહેબ બોલ્યા: "આ લડકો દીને ઇસ્લામ કાયમ કરશે, પોતાના બાપ દાદાનુ નામ કાયમ રાખશે અને પોને સુલૂક (ધર્મના માર્ગ) ઉપર કાયમ રહેશે જેથી એનું નામ કાયમુદીન રાખવું." એમ બોલી, જેવી તરેહ ધોબી પાણીમાં કપડું બોળી બહાર કાઢે છે તેવી તરેહ પેલાં નાના બાળકને પાણીમાં ઝબકોળવા લાગ્યા. દાઇ ગભરાઇ ગઇ અને વિચારવા લાગી કે બાવાનું ધ્યાન ખુદાની ઇબાદતમાં ઘણા દીવસ એકાંત બેઠા હતા એટલે કદાચ બરાબર હશે નહી તેથી તેમના હાથને વળગી બાળકને છાનું લેવાની કોશીશ કરવા લાગી. પણ બાળક તેના હાથમાં આવે તે આગમ તો બાપે બેટાને પાણીમાં છ ડુબકી ખવાડી દીધી. પછી તેઓ બોલ્યા છ ડુબકીમાં છ તબક એના રોશન થઇ ગયા છે. જો સાતમી વખત પાણીમાં બોળવા દેત તો સાતમો તબક પણ ખુલી જાત પણ હવે સાતમો એ પોતે મ્હેનત કરી ખોલી લેશે.—આવી તરેહ કાયમુદ્દીન બાવા સાહેબને બચપણથીજ એમના પિતા તરફથી ન્યામત મળી ચુકી હતી એટલે કે એવો નિત્યસિધ્ધ હતા.

આઠમે વરસે તો કાયમુદીન બાવા સાહેબને આખું કુરાન શરીફ મોઢે થઇ ગયું હતું. પછીથી તેઓએ ફારસી, અરબી, ગુજરાતી અને સંસ્કૃતનું સારૂં જ્ઞાન હાસલ કર્યું હતું.

એમની કરામતો.

પીરપદ ઉપર આવ્યા પછી તેમનાથી જે જે કરામતો થઇ હતી જગ જાહેર છે. તેમાની એક બે નીચે પ્રમાણે છે. એકવાર એવું બન્યું

હીંદુ લોકોનો સંઘ કાશી જાત્રા કરવા જતો હતો ત્યારે પીર સાહેબ સામા મળ્યા. એમણે તેમને પુછ્યું કે ક્યાં જાવ છો? જવાબ મળ્યો કે હમે કાશી જાત્રા કરવા જઇયે છીયે. તેમણે કહ્યું "અહીં બેઠા બેઠા તમને કાશીના દર્શન થાય તો કેમ?" એમ કહી તે સંઘમાં જે લોકો આગળ કાશી જઈ આવેલા હતા તેમને પાસે બોલાવી પોતાના અંગરખાની બાંય તેમની આંખ આગળ ધરી કહ્યું કે "માંહે જુઓ" જેવું તેમણે બાંયમાં જોયું તો તેમાં કાશી દેખાયું. જોનારાઓએ સંઘના બીજા માણસોને આ વાતની ખાત્રી આપવાથી બધાઓએ બાંયમાંથી કાશીના દર્શન કર્યાં અને ત્યારથી પીર સાહેબને ગુરૂ કરી માનવા લાગ્યા.

એક વખત પીર સાહેબ દક્ષીણ દેશ તરફ ફરતા હતા તેવામાં ચોમાસાનાં દીવસ હોવાથી વરસાદ પડવા લાગ્યો એટલે પાસે એક દહેરૂં હતું તેમાં પોતે તથા તેમના માણસો દાખલ થયાં. વરસાદ બંધ થતા પુજારી આવ્યો અને પોતાના દેહરામાં મુસલમાનોને પેઠેલા જોઈ ગુસ્સો કરવા લાગ્યો. પીર સાહેબે પુછ્યું કે ભાઇ ગુસ્સો શું કામ કરે છે. તેણે કહ્યું, કે "હું આ દેહરાનો પુંજારી છું. ત્રીશ ત્રીશ વરસ થયાં આ દેવાલયની સેવા કરૂં છું તે દરમ્યાન એક પણ પરકોમના માણસને અંદર દાખલ થવા દીધો નથી. આ તમે મુસલમાનોએ મ્હારા દેવને ભ્રષ્ટ કર્યા." પીર સાહેબે ઉત્તર દીધો "ભાઇ દેવ તે કાંઇ ભ્રષ્ટ થતા હશે? જ્યારે તીસ વરસ થયાં તું એમની સેવા કરે છે તો દેવ તારાપર બહુ પ્રસન્ન થયા હશે અને તારૂં કહેલું પણ કરતા હશે." પુજારીએ હરખાઇ જઇ જવાબ દીધો કે એમ થાય તેમાં નવાઇ શી? આ સાંભળી પીર સાહેબે પોતાના એક માણસને બહારથી થોડું ઘાસ લાવવા કહ્યું અને પુજારીને કહ્યું. "ભાઇ, આ તારા મહાદેવનો પોઠીયો છે તેને આટલું ઘાસ ખવાડ." પુજારીએ કહયું કે વળી પથ્થરનો પોઠીયો તે ઘાસ ખાતો હશે? પીર સાહેબે જવાબ દીધો કે દેવ પ્રસન્ન હોય તો કેમ નહી ખાય? આ જો, એમ કહી ઘાસ પોઠીયા આગળ ધરી કહયું કે અલ્લાહતાલાના હુકમ અને બાવા ફરીદની દુવાથી આ ઘાસ ખા. પેલો પોઠીયો સજીવન થઇ ઘાસ ખાવા લાગ્યો જેથી પુજારી તો છક થઇ જઇ પીર સાહેબના પગ ઉપર પડયો અને તેમને ગુરૂ કરી માનવા લાગ્યો.

એ ઉપરાંત એમની ઘણી કરામતો છે. તેમને હીંદુ અને મુસલમાન બન્ને કોમો ઘણી માનતી અને માને છે; પણ કડીવાલ મુસલમાન

ઘાંચીઓ એમના નામને હજુ પણ બેહદ હેત અને માનથી યાદ કરે છે. તેનું કારણ એ છે કે પીર સાહેબે આ કોમ સારૂ ત્રીસ વરસ સુધી બહુ કષ્ટ ખેંચ્યું છે. એવું બન્યું હતું કે જ્યારે એમના પિતા બાવા બદરૂદીન સાહેબ ખુદાની યાદમાં જંગલમાં એકાંતમાં રહેતા હતા ત્યારે ઘાંચીઓની છોકરીઓ પોતાના બળદ સારૂ જંગલમાં ઘાસ લેવા જતી અને ઘાસ લેવા જવા પહેલાં કઇ તરફ સારૂં ઘાસ મળશે તે જાણવા સારૂ હમેશાં બાવા સાહેબને સવાલ કરતી કે "બાવા બદર, રસ્તા કીધર." તો પોતે "ઇધર" કરી આંગળી કરતા કે તે છોકરીઓ તે તરફ જઇ તરત ઘાસ લઇ ઘેર પાછી આવતી. એક દીવસ બાવા સાહેબ બીલકુલ ખુદાના ધ્યાનમાં લીન થઇ ગયલા હતા તેવામા તે છોકરીઓએ હમેશ મુજબ પુછ્યું "બાવા બદર, રસ્તા કીધર." કાંઇ જવાબ મળ્યો નહી જે ઉપરથી નાના છોકરાંની આદત હોય છે તેમ ખુબ ઘાંટા પાડી એને એ સવાલ પુછ્યા કર્યો. જે ઉપરથી બાવા સાહેબ નારાજ થઇ બોલી ઉઠયા. "જાવને રાંડાં, જીધર તીધર." બાવાનું આ બોલવું હતું કે તે બોલવાની તુરત અસર થવા લાગી. એ વખતે કડીમાં બે હજાર ઘાંચીઓના ઘર હતાં તે બધાં થોડા વખતમાં રવડતાં થઇ ગયાં. કડી છોડી તેમને દક્ષીણના મુલકમાં તેમજ કાનમ જીલ્લામાં પોતાના ગુજરાન સારૂ નીકળવું પડયું. છતાં પણ તેઓ ઠેકાણે પડયા નહી. એક ગામમાં કોઇ ઘાંચી આઠ દીવસ કરતાં વધારે રહી શકતો નહોતો. તરત ઉચાળો ભરતો. આખરે જ્યારે બાવા બદરૂદીન પડદે થયા (આ દુનિયાથી ઉઠી ગયા) ત્યારે ઘાંચીઓ મોટી સંખ્યામાં બાવા કાયમુદીન સાહેબની પાસે જઇ તેમને કાલાવાલા કરવા લાગ્યા કે હમારી છોકરીઓની બેઅદબીથી હમને બહુ ખમવું પડયું છે અને હમારી હાલત ખાલી થઇ ગઇ છે તો હવે થએલી કસુર માફ કરી હમો સારૂ ખુદાતાલા પાસે દુવા કરો કે હમારી હાલત સુધરે" કાયમુદીન બાવા ને રહેમ આવવાથી તીસ વરસ સુધી ઘાંચીઓના ભલા સારૂ ખાસ ખુદાની ઇબાદત કરી તેમને સારૂ દુવા માગી જેથી ઘાંચીઓ જે રવડતા રઝળતા હતા તે ઠેકાણે પડયા અને આજે મોટે ભાગે ઘણા સુખી છે. ઘાંચીઓ આને માટે આ પીર સાહેબનો જેટલો ઉપકાર માને અને તેમને માટે જેટલું કરે તેટલું થોડું છે.

એમની લખેલી કીતાબો.

પીર કાયમુદીન સાહેબ બે કીતાબ લખી ગયા છે. એકનું નામ

"નુરે રોશન" છે. એ બ્રહ્મજ્ઞાન (ઇશ્વર મેળવવાના રસ્તાને લગતા જ્ઞાન)થી ભરપુર છે. બીજી "દીલે રોશન" નામની કીતાબ હતી જે કમનસીબે હાલ મળી આવતી નથી.

એ કીતાબો જે મહાત્માઓના જોવામાં આવી હતી તેમણે બાબા સાહેબને એ જમાનાના "કુતુબ"નો ઇલકાબ આપ્યો છે; એમનો મરતબો ખરેખર "ગૌસ"નો હતો. એમના તમામ સાંધા જુદા થઇ ખુદાની ઇબાદત કરતા હતા.

એમનું દાવતનું કામ.

પીર કાયમુદીન સાહેબ મુસલમાનોને અને ગેર મુસલમાનોને એક સરખાજ ગણતા હતા. જેટલા મુસલમાનને ખુદાઇ રસ્તા તરફ દોરવાને આતુર હતા તેટલાજ ગેર કોમને દોરવાને આતુર હતા. તેઓ ગેર કોમને હલકી સમજતા નહોતા. કુરાને શરીફમાં સુરએ બકરની આયતમાં ફરમાવેલું છે કે "ધર્મમાં કાંઇ પણ જબરજસ્તી કરવાની નથી;" તે ઉપરાંત સુરએ અન્આમમાં ફરમાવ્યું છે કે 'મુર્ત્તિપુજકો ખુદા સિવાય જે દેવતાઓને પૂજે છે તે દેવતાઓનું ભુંડું બોલતા ના; નહી તો તેઓ ચીડાઇને તમારા ખરા ખુદાને અજાણપણાથી ગાળો દેશે." વળી, સુરએ નહલમાં ફરમાવ્યું છે કેઃ—લોકોને ઇસ્લામની દાવત બોધ, હિકમત (જ્ઞાન), દાનાઇ અને નેક નસીહતની સાથે આપો. વળી તેમની સાથે દલીલો કરો, પણ તે દલીલો ઘણા સારા રસ્તાવાળી હોવી જોઇયે."

જાણે કે પીર કાયમુદીન સાહેબે દાવત (ઇસ્લામના બોધ)નું કામ કરતી વખતે આ ત્રણે આયતો પોતાની આંખ સામે રાખી મુકી હોય એવીજ રીતે તેઓ ગેર કોમ સાથે વર્તન રાખતા.

એમના ભકતો.

પીર કાયમુદીન સાહેબની ખીદમતમાં હંમેશાં હીંદુ મુસલમાન મળી બસો ભકતો રહેતા હતા જેમાં તેમણે એકાવન માણસોને જ્ઞાન આપી મહાપદે પોહોંચાડયા હતા. એ ભકતોમાં ઇબરાહીમ ભગત (અભરામ બાવા) પ્રથમ સ્થાન ભોગવતા હતા. એઓ ભરૂચ તાલુકાના પરીયેજ ગામના રહેવાસી હતા અને વ્હોરા જ્ઞાતીના ખેડુત હતા. એ જીલ્લામાં દોઢસો વરસ આગળ કેળવણીનું નામ નીશાન હતું નહી, એટલે સાધારણ બોલીમાં કહીયે તો તે અભણ હતા. છતાં એમના મુખે એવી સરસ જ્ઞાનમય વાણી

નીકળી છે કે જે એમના પીરસાહેબે એમને દીધેલા જ્ઞાનનોજ ચમત્કાર છે.

એમના એક ભકત પુંજાબાવા નામે હતા જે ખારવાઓના ગુરૂ કરી ઓળખાય છે. પુંજાબાવા અસલ ખંભાતના રહેનાર ખારવા ન્યાતીના હતા અને ધંધા માટે ભરૂચમાં જઇ વસ્યા હતા. ત્યાં તેઓ એક યુરોપીયન સાહેબની નાની બોટ પર નોકરી કરતા હતા. એક દીવસ પીર સાહેબ ભરૂચમાં ફરતા ફરતા અભરામ બાવા સાથે નદીને કીનારે જઇ ચઢયા. ત્યાંનો રમણીય દેખાવ જોઇ પીર સાહેબનો બોટમાં બેસી જરા ફરવાનો વિચાર થયો. તે વખતે પુંજાબાવાની બોટ કીનારા આગળ હતી અને તેમાં ફકત પુંજાબાવા અને બીજા ખલાસીઓ હતા. યુરોપીઅન સાહેબ નહોતો. પીરસાહેબે અભરામબાવાને કહ્યું કે આ બોટમાં માણસ છે તેને પુછી જુવો કે આપણને તે ફેરવી લાવશે ? અભરામ બાવાએ પુંજાબાવાને પુછ્યું કે "હમે અહીં ફરવા આવ્યા છીયે, પણ હમારી પાસે પૈસા નથી. તું હમુને ફેરવી લાવશે ?" પુંજાબાવાએ કહ્યું "આ બોટ કાંઇ ભાડે ફેરવવાની નથી. તમારે ફરવું હોય તો હું થોડે સુધી ફેરવી લાવીશ. મારે પૈસા જોઇતા નથી." એમ કહી પુંજાબાવા કીનારે આવ્યા. પીર સાહેબે તેને પુછ્યું કે "બોટનો માલીક અંહી નથી તે આવીને નારાજ તો નહી થાય."? પુંજાબાવાએ જવાબ દીધો કે "મારો ધણી મારાથી નારાજ થાય એમ નથી. તમે ખુશીથી બોટમાં આવો." પીર સાહેબનો ચહેરો જોઇનેજ પુંજાબાવા અંજાઇ ગયા હતા. કીનારા આગળ કાદવ હતો તેથી તેમણે પીરસાહેબને કહ્યું કે "હુ આપને ઉંચકીને બોટ ઉપર લઇ જઇશ.' એમ કહીને પીર સાહેબને તેમણે ખભે ઉંચકી બોટમાં બેસાડયા. અભરામ બાવા પગે ચાલી બોટમાં બેઠા. પુંજાબાવાને પીર સાહેબનો ભાર બીલકુલ લાગ્યો નહી. તેમજ કાદવમાંથી તે ચાલી ગયા છતાં તેમના પગ બીલકુલ ખરડાયા નહીં તે ઉપરથી પુંજાબાવાને લાગ્યું કે આ કોઇ મહાપુરૂષ છે. થોડો વખત બોટમાં ફર્યા પછી પીર સાહેબે પુંજા બાવાને બોટ પાછી ફેરવવા કહ્યું અને આટલું ફેરવવા સારૂ પુંજા બાવનો આભાર માન્યો. પુંજાબાવાએ બોટને કીનારે લાવી, પહેલાંની માફક પીર સાહેબને ઉંચકીને કીનારે કોરી જગાએ મુકયા. આ વાર પણ પુંજાબાવાને પીરસાહેબનું એક ફુલ જેટલુંજ વજન માલમ પડયું તેમજ પોતાના પગ કીચડથી બગડયા નહી. જે ઉપરથી પુંજાબાવાએ પીર સાહેબના પગ ઉપર માથું મુકી કહ્યું, "આપ ખરેખરા કોઇ મહાપુરૂષ છો. મને કોઇબી રીતે આ દુનીયાથી બચાવી મારૂં કલ્યાણ થાય એમ

કરો અને મને મુકતીનો માર્ગ બતાવો." પીરસાહેબે દયા લાવી તેમને કહ્યું, "હમેશાં માલીકની બંદગી કરજે. તેમાં રવીવારે આખો દીવસ બંદગી કરજે. તે દીવસે નોકરી મુકીને પણ બંદગી કરજે. બંદગીથી કોઇ ચીજ ચઢતી નથી", એમ કહી ગુરૂ મંત્ર આપી આશીર્વાદ દઇ રવાના થયા. પુંજાબાવા પીર સાહેબે જે કહ્યું હતું તેને વળગી રહી માલીકની બંદગીમાં હમેશાં લીન રહેતા હતા અને વખત જતાં પીર સાહેબની મહેરથી પોતે ગુરૂ પદ પામ્યા હતા. કણબી, કાછીયા, સોની, ખલાસી, ગોલા વગેરે પુંજાબાવાના ચેલા થયા હતા. પારસી પણ તેમના સેવક હતા.

જેવી રીતે આ ખારવાઓના ગુરૂ પુંજાબાવાને પીર સાહેબ તરફથી ન્યામત મળી હતી તેવીજ રીતે ગુજરાતમાં રેવા અને મહી નદીના વચલા પ્રદેશમાં નીરાંત પંથ ચાલે છે તે પંથના સ્થાપકને પણ પીર સાહેબના એક શિષ્ય પીર અમન સાહેબ તરફથી ન્યામત મલી હતી. આ નીરાંત પંથ કરજણ તાલુકાના દેથાણ ગામના તલબદા કોળી ભગત નીરાંત નામે હતા તેમના નામથી ચાલે છે. નીરાંત ભગત પીર અમન સાહેબના ચેલા હતા અને અમન સાહેબના ગુરૂ પીર કાયમુદ્દીન સાહેબ હતા. આ નીરાંત પંથની ગાદીઓ દેથાણ, છીદ્રા, વાવલી, વડોદરા વગેરે ઠેકાણે છે અને તે પીર કાયમુદ્દીનની ગાદી જે હવે માંગરોલની ગાદી તરીકે મશહુર છે તેની તરફ પુજ્ય ભાવથી જુવે છે.

પીર સાહેબના સેવકોમાં બીજે સ્થાને જીવણ મસ્તાન નામના પાટીદાર હતા. તેઓ વડોદરા પ્રાંતના કરજણ તાલુકાના પાછીયા પરાના રહેવાસી હતા. એમના ભજનો પણ આજે ઘણા શોખ સાથે ગવાય છે.

પીર સાહેબના ભકતોમાં એક પાટીદારણ બાઇ રતનબાઇ કરી થઇ ગયાં છે તેમનાં ભજનો જ્ઞાન અને ભકતીરસથી ભરપુર છે. એ બાઇ જીવણ મસ્તાનના પીતરાઇ બ્હેન હતાં. એમના ભજનોનો કેટલોક ભાગ ગુજરાતના પ્રખ્યાત સાક્ષર રાવ બહાદુર હરગોવીંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા સાહેબ જે પ્રથમ વડોદરા રાજ્યમાં વિધ્યાકારી હતા અને પાછળથી લુણાવાડા સ્ટેટના દીવાન નીમાયા હતા તેમણે વડોદરામાં નીકળતા "સાહિત્ય" નામના માસિકના ઇ૦ સ૦ ૧૯૨૨ના અંકોમાં સંગ્રહ કરેલો છે. તેઓ એ બાઇ વિશે લખે છે કે "દોઢસો વરસ પહેલાં કાનમ જીલ્લામાં કેળવણીનું નામ નિશાન નહોતું, એટલે એ બાઇને તેનો લાભ

મળ્યો નહોતો એ સ્પષ્ટ છે; છતાં એક અભણ બાઇના મુખથી જ્ઞાનમય ભજન નીકળે એ તેમના ગુરૂ તરફથી મળેલી પ્રસાદીની ખરેખરી સાબીતી છે."

રતનબાઇને જ્યારે જ્ઞાનનો રંગ ચડ્યો ત્યારે તેમણે એક પદમાં પોતાના ગુરૂ—પીર વિશે કહ્યું છે કે:—

શબ્દ બતાવ્યો સોહંમ તણો ને, ઓહંમનો ઉઘડ્યો દ્વાર.
બાઇ રતનને *મુરશદ મળીયા, નજરે દીઠો કીરતાર.

જેમ જેમ જ્ઞાન વધતું ગયું તેમ તેમ ઘણી સારી વાણી તેમણે કહેલી છે. એક પદમાં કહ્યું છે કે:— .

"તપને વ્રત હું નહી જાણું, વેદ ન સમજું લગાર,
ગુરૂએ મારે માર્ગ બતાવ્યો તેથી, ઉતરી ગઇ ભવ પાર."

આ બાઇનો એમના ગુરૂ તરફ એટલો બધો ભક્તીભાવ હતો કે તેમણે પોતાના ગુરૂ પાસે માંગણી કરી કે મર્યા પછી તેની કબર તેમની દરગાહના પગથીઆની નીચે થવી જોઇએ કે જેથી દુનીયાના જેટલા લોક પોતાના ગુરૂની દરગાહને નમન કરવા જાય તે બધા એ બાઇની ઉપર પગ મુકીને જાય જેથી તેને લાભ મળે. એ માંગણી મુજબ બાઇ રતન-બાઇ અને છવણ મસ્તાન એ બન્નેની કબરો પીરની દરગાહમાં જવાની સીડીના પગથીયા નીચે કરવામાં આવેલી છે. ધન્ય છે એમની ગુરૂભક્તીને !

રહેલત (સ્વર્ગવાસ.)

બાવા કાયમુદ્દીન સાહેબ ગાદીએ આવ્યા પછી ગાદીના મુરીદોની શોધમાં કડીથી પગ રસ્તે ચાલી નીકળ્યા હતા. જ્યારે તેઓ એકલબારા ગામે આવી પોહોંચ્યા ત્યારે ગામને પાદરે મહી નદીમાં પાણી હતું. હોડીમાં આ પાર આવતાં સારા પુરૂષ જાણી ઉતરતી વખતે હોડીના માછીએ ખભે ઉંચકી તેમને કિનારે ઉતાર્યાં કારણ કે ઓવારામાં પાણી હતું; પણ તેને જરા પણ ભાર લાગ્યો નહી. એમનું વજન એક ફુલના જેટલું લાગ્યું જે ઉપરથી તેણે જઇને ગામમાં તે વખતના ઠાકોર સાહે-બને વાત કરી કે એક મોટા મહાપુરૂષ નદીએ ઉતર્યા છે તેથી ઠાકોર સાહેબ પોતે પીર સાહેબના ચરણ આગળ હાજર થઇ તેમની યોગ્ય સેવા કરી ગામમાં લઇ ગયા અને ઘણા દીવસ રાખ્યા અને બધા મુરીદ થયા.

---

* ગુરૂ

જ્યારે પીર સાહેબ એકલબારા છોડી આગળ જવા તૈયાર થયા ત્યારે ઠાકોર સાહેબ બહુ નારાજ થયા અને પીર સાહેબને વીનવવા લાગ્યા કે બાવા સાહેબ અહીંજ મુકામ રાખો. જે ઉપરથી તેમણે ઠાકોર સાહેબને વચન દીધું કે "હમણા મારે ઘણું કામ છે તેથી હાલ જાઉં છું પણ જરૂર અહીં આવીશ. જો જીવતો નહી આવું તો મુવે પણ એકલબારે પાછો આવીશ,' એમ કહી એકલબારા છોડી આગળ વધ્યા. મુરીદોને ખોળતા ખોળતા છેવટે પીર સાહેબ નંદરબાર તરફ પધાર્યા હતા. ત્યાં તેમનો આખર વખત આવ્યો અને ધોકડા ગામે દેહ ત્યાગ કર્યો.

તેમણે ઉઠી ગયા પછી બસારત આપી હતી કે હું એકલબારે ઠાકોર સાથે કોલ કરીને આવ્યો છું માટે મને ત્યાં લઇ જાઓ તે ઉપથી કબર ખોલી ત્યાંથી તેમની લાશને એકલબારા લાવવામાં આવી હતી. તે વખતે ત્યાં બે તડ હતાં, એક તડ કહે "હમે હમારી હદમાં દફન કરીયે." અને બીજી તડના માણસો પોતાની હદમાં દફન કરવા માગતા હતા. આખરે પીર સાહેબે બન્ને પક્ષોને બસારત આપી અને વઢવાઢનો અંત એવી તરેહ આણ્યો કે લાશ વાલી ગાડીને કાચા વાછરડા જોડી વગર હાંકનારે હાંકી મુકવા. પછી જયાં તે વાછરડા ઉભા રહે તે જગાએ આખર મુકામ કરવો. હવે જયા તે વાછરડા ઉભા રહયા તે જગ્યાએજ બાવા સાહેબનો મુકામ થયો અને ત્યાં રોઝો બાંધવામાં આવ્યો છે. ત્યારથી ઠાકોરો, બારીઆ લોકો, પાટીદારો, તથા બીજા હજારો લોકો એ દરગાહ તરફ માનની નજરે જુવે છે. અને એ પીર સાહેબને માને છે. તેમના કલ્યાણ માટેજ જાણે માલિકે એ પીરસાહેબને ત્યાં મોકલ્યા હોય એમ ચોખ્ખું જણાય છે. ઠાકોરો અને બારીઆભાઇઓ તથા બીજાઓ પીરસાહેબે શીખવેલી જીવદયા પ્રમાણે હજુ પણ વર્તે છે. કારણ કે તેમના લીધેજ એ પીર સાહેબ પડદે થયા પછી પણ એકલબારા તરફ આવ્યા છે એવું તેઓ સમજે છે, નહી તો તેમના તો ધરાક હજારો હતા.

એમનો રોજો

એમના રોજામાં પાંચ તુરબતો છે. દાખલ થતાં પહેલ્લીજ કબર સઇયદ પીર ઇનાયતમીયાં સાહેબની છે જે પીર કાયમુદીન સાહેબના ભાઇ અને માંગરોલની ગાદીના સ્થાપક પીર મોટામીયાં સાહેબના બાપ થતા હતા. તેમની પડોશમાં એટલે વચ્ચે પીર કાયમુદીન સાહેબની પોતાની મજાર છે, અને તેમની પાસે, એટલે આથમણી બાજુ તેમના સસરાની

કબર છે. વળી બે નાની કબરો પીર સાહેબના પંગાતે છે તે તેમના નવાસાઓની છે.

એમનાં છોકરાં.

પીર કાયમુદ્દીન સાહેબ પોતાની પાછળ એક દીકરી મુકી ગયા હતા જેમનું નામ આપાજીમા સાહેબ હતું. આ બાઇ ઇલમમાં ઘણા ભરપુર હતાં અને એમને ઘણી ન્યામત એમના પિતા તરફથી મળી હતી. એમના કાકાના દીકરા પીર મોટામીયાં સાહેબ માંગરોલવાળાનાં એ બ્હેન થતાં હતાં, અને એમની તરફ તેઓ માનથી જોતા હતા. મુંબઇથી આપાજીમાંજ પીર મોટામીયાં સાહેબની મુબારક લાશને માંગરોલ લઇ આવ્યા હતા.

પીર મોટામીયાં સાહેબ—ગાદીના સ્થાપક.

પીર કાયમુદ્દીન બાવાને એક દીકરો થયો હતો તે તેમની હૈયાતીમાં બાળપણમાંજ ગુજરી ગયો હતો. તેમની પછી તેમની ગાદીએ તેમના ભાઇ પીર ઇનાયતમીયાં સાહેબના દીકરા પીર મોટામીયાં સાહેબ આવ્યા. તેઓએ પોતાનો રહેવાનો મુકામ માંગરોલમાં રાખવાથી એમની ગાદીનું નામ **માંગરોળની ગાદી** પડ્યું.

એમનો જન્મ કડીમાં થયો હતો. એમનું નામ હજરત મુઇનુદ્દીન ચીસ્તી હતું પણ પાછળથી મોટામીયાં પડ્યું હતું. પાંચ વરસના થયા ત્યારે તેમને મદરસામાં મુકવામાં આવ્યા હતા. ત્યાં તેઓ પોતાના સબક ઉપર ધ્યાન દેતા નહી લાગવાથી વર્ગના વડા છોકરાએ ઉસ્તાદ આગળ ફરીયાદ કરી. ઉસ્તાદે તેમને પાસે બોલાવી જે સીપારો (અમ્માનો) પઢતા હતા તે વાંચવા કહયો. તેમણે તે વાંચવાનું શરૂ કર્યું તે ત્યાંથી લગભગ અડધુ કુરાન શરીફ વાંચી ગયા જે ઉપરથી ઉસ્તાદ તેમજ છોકરાઓ હેરત થઇ ગયા. બાળપણમાં પણ તેમણે છોકરાઓ આગળ મદરેસામાં કેટલીક કરામતો કરી દેખાડી. જેવી કે નીશાળમાં છોકરાઓને એક વેળા શાકર

વહેંચવામાં આવી હતી તે વખતે એક છોકરો હાજર નહી હતો. જ્યારે તે આવ્યો અને તેણે જાણ્યું કે તેની ગેર હાજરીમાં શાકર વહેંચાઈ ગઇ ત્યારે તે દીલગીર થઇ ગયો. જે જોઇ તેઓએ એક કાંકરા પર ફુંક મારી પેલા છોકરાને આપી અને તે કાંકરાની શાકર થઇ ગઇ હતી. તેવીજ તરેહ એક દીવસ તેઓ બીજા છોકરાઓ સાથે તળાવની પાળે રમતા હતા. અને ધુળના ગોળા બનાવીને ફેંકતા હતા. તેવામાં એમણે કહયું ચાલો તમે બધા કાંઇ ખાવા તૈયાર થઈ જાવ એમ કહી એ ગોળા હવામાં ઉંચે નાખી છોકરાઓને લુગડું ધરવા કહયું. જેવા લુગડામાં તે ગોળા પડયા કે લાડુ થઇ ગયા. તેમના પિતાશ્રીને એ વાતની ખબર પડતાં તેમણે એમ કરવાની મના કરી હતી.

મદરસામાં ત્રણેક વરસ અભ્યાસ કર્યો પછી એક બુજાુર્ગ પાસે ફારસી અને અરબી શીખી તેમાં પ્રવિણતા મેળવી.

પછી એમણે ભકતી રીયાઝત કરવા માડી. અને ઘણી ચીલ્લાકશી કરી. ઉમરે આવ્યા બાદ તેઓ કડીમાં એમના વડીલોની અને વડીલો સાથે આવનાર પીરોની દરગાહનો વહીવટ કરતા હતા.* ત્યાં અમદાવાદ અને આજુબાજુના શેહરો તથા ગામોના માણસ આવી એમની પાસે ધર્મ બોધ લેતા હતા અને એમના મુરીદ થતા હતા. એક દીવશ પોતે ઘર આગળ બેઠા હતા તેવામાં પાલણપુર, ખેરાળુ, વડનગર વગેરેના ઘણા લોકો આવી ચઢયા. નોકરે તો ફકત બે માણસ ખાય તેટલી ખીચડી ચુલે ચઢાવેલી હતી જેથી ગભરાઇને તે પીરસાહેબ પાસે જઇ બોલ્યો કે મેં તો સવાશેરની ખીચડી રાંધી છે અને અંહી તો વધારે લોકો ખાવાના દેખાય છે માટે એ લોકોનું હવે કેમ કરવું ? ત્યારે તેમણે પોતાની પીછોડી તેને આપીને કહયું કે ખીચડીની હાંડલી પર આ પીછોડી ઢાંકી બીસમીલ્લાહ બોલી ખીચડી કાઢતા જાવી પણ પીછોડી ઉઘાડી જોવું નહી. નોકરે તેમ કરવા માંડયું અને તમામ માણસોને ખીચડી પીરસી તો બી હાંડલીમાંથી ખીચડી ખુટતી નથી. બધા ખાઇ રહયા પછી નોકરને પુછયું કે કેમ બધા ખાઇ રહયા ? તો તેણે કહયું કે હા, બાવા સાહેબ, પીછોડીની બરકતથી બધા ખાઇ રહયા.

---

* કડીમાં પીર સૈયદ તાજુદ્દીન સાહેબ ચિશ્તી છે. પીર અન્સારી તેમના એક વડીલ છે તેમની દરગાહનો વહીવટ કરતા હતા. આ પીર તાજુદીન સાહેબ અમદાવાદવાળા પીર મશાયેખ સાહેબના તથા કડીવાળા બાલાપીર સાહેબના પીર હતા.

તેમણે કહ્યું કે પીછોડીની કાંઇ ગુંજાયશ નથી. એ તો બીસમીલ્લાહની બરકત છે. એટલે કે ખુદાના નામની બરકત છે.

એમની કરામતની ખબરો ગામે ગામ ફેલાતાં તેમને ત્યાં લોકો હમેશાં મોટી સંખ્યામાં જતા હતા. પછી એમના મનમાં પણ વિચાર થયો કે પોતાના કાકા કાયમુદીન બાવા સાહેબની માફક પોતે પણ ગાદીના માંચી મુરીદોની ખોળમાં નીકળવું એટલે ત્યાંથી પગ રસ્તે માંગરોલ આવી પુગ્યા. માંગરોલમાં ગામને પાદરે ખાડી છે તે આ વખતે પાણીથી ભરપુર હતી. લોકો ત્યાં લુગડાં ધોતા હતા તેમાંથી એકને પુછ્યું કે "ભાઇ, આ ખાડીમાં પાણી કેટલુંક છે ને કેમ કરી પેલે પાર જવાય છે." તેણે કહ્યું કે છાતી સમાણા પાણી છે. અને અંદર થઇનેજ જવાય છે. બીજો રસ્તો નથી. પીર સાહેબે પુંછ્યું:– લુગડાં ન પલળે એવો કાંઇ રસ્તો નથી? ત્યારે તેણે મશ્કરીમાં કહ્યું, પાણીની ઉપર ચાલો તો લુગડાં નહી ભીનાય. તે ઉપરથી પીર સાહેબ ખુદા તઆલાનું નામ લઇ પાણી પર ચાલીને સામી બાજુ પુગી ગયા. એટલે તો ત્યાં હતાં તે લોક હેરત પામી તેમની પાછળ દોડી આવ્યા. જ્યારે ગામમાં દાખલ થયા ત્યારે પાણી ઉપર ચાલવાની વાત લોકોમાં ફેલાઇ જે ઉપરથી આખું ગામ એમને જોવા આવ્યુ. માંગરોળમાં તે વખતે ઇબ્રાહીમ ઓબાત નામના પરહેજગાર માણસ રહેતા હતા તેમને ત્યાં પ્હેલાં ઉતર્યાં. અહીંયા પણ એમની નામના ફેલાતાં કડીની માફક ગામે ગામથી લોકો આવવા લાગ્યા. અને કેટલીક કરામતો એમની અહીં પણ જાહેર થઇ. એમનામાં પ્રેમ એટલો બધો હતો કે જંગલી જાનવર પણ એમને હેરાન કરતાં નહોતા. તે વખતે માંગરોળની આજુ બાજુ ગીચ જંગલ હતું. એક દીવસ લોકો બેઠા બેઠા એમની સાથે વાત કરતા હતા તેવામાં એક વાઘ આવી ચઢ્યો જે જોઇ એમણે લોકોને કહ્યું કે જરા પણ ગભરાશો નહીં, એ પણ તમારી માફક મને મળવા આવ્યો છે. થોડો વખત થોભી વાઘ ચાલ્યો ગયો. સાપના કરડેલા મુડદા જેવા થઇ પડેલા શખસોને બેઠા કરવા, મસ્તાન સાંઢને નરમ કરવા, ગળીઆ બળદને ચાલુ કરવા એ તો એમની સાધારણ કરામતો ગણાતી હતી. એમણે એકવાર હાથ ઉંચો કરી ગામમાં લાગેલી આગ અટકાવી હતી. તેમજ જેવી તરેહ પોતે પાણીપર ખાડીમાથી ચાલી આવ્યા હતા તેવી તરેહ એક બીજો માણસ જે ચોમાસામાં ખાડી ભરાઇ જવાથી ખાડીને પેલે પાર રહી ગયો હતો તેને પણ પોતાની સાથે પાણી ઉપર ચલાવી ગામમાં લઇ આવ્યા હતા.

એક દીવસ પીર સાહેબ પાસે શુકલ તીરથવાળા કબીરવડ આગળ રહેતો એક સાધુ આવ્યો. તે યોગી હતો અને સમાધી ચઢાવતો હતો. સવાસો વરશની ઉમર હતી પણ સમાધીમાં તેની રૂહ બ્રહમાંડથી આગળ જઇ શકતી નહોતી. જે ઉપરથી તે વિચારમાં પડતો હતો. એકવાર તેણે ચિસ્તી સીલસીલાના એક બીજા પીર આગળ એ વાત કરી જે ઉપરથી તેમણે તેને પીર મોટામીયાં સાહેબ પાસે જવા કહયું. હતું. જેવો તે પીર સાહેબ પાસે આવ્યો કે તેમણે કહયું કે "કેમ સાધુજી, સવાસો વરસની ઉમર થઇ તોબી હજુ ભુલ ભાગી નહી?" એમ કહી પોતાની પાસે બેસાડી તેમના કાનમાં ગુરૂ મંત્ર મુકયો અને તુરત રસ્તો ખુલી ગયો પછીથી તે સાધુએ ઘણો લાંબો વખત પીર સાહેબ પાસે રહી તેમની ખીદમત કરી હતી.

એ પીર સાહેબ એટલે બધે દરજજે પુગી ગયલા હતા કે તેમના મુરીદોમાં પણ તેમની પાસે બેસવાથી રૂહાની તાકત ઘણી આવતી હતી.

પીર સાહેબ અહીંસાના મોટા ઉપદેશક હતા. તેઓ કહેતા હતા કે કોઇ જાનવરને મારવું તેના કરતાં મનને મારવું સારૂં છે. કોઇ પ્રાણીનું ગોસ્ત ખાવું તે કરતાં ગમ ખાવો એ બહેતર છે. ગાય વીશે તેઓ ફરમાવતા કે એ ઘણુ ઉપયોગી પ્રાણી છે અને એ પ્રાણીને ખુદા તઆલાએ માણુસના સુખ માટે પેદા કર્યું છે. દુધ, દહી, ઘી વગેરેનો ડગલે ડગલે ખપ પડે છે, અને તે એજ પ્રાણી પુરૂ પાડે છે; સાધુઓને છાશનો ખપ પડે છે એટલે તેમની હાજત પણ એજ જાનવર પુરી પાડે છે. ખેડુતોની ખેતીનો આધાર પણ એનાજ ઉપર છે. અને એનું દુધ ધાવણાં બાળક બીમાર પુરૂષ અને તે તંદરૂસ્ત માણુસો બધાને ઉપયોગી છે.

મુંબાઇની સફર અને વફાત.

પીર સાહેબને માંગરોલ પસંદ પડવાથી ત્યાંજ મુકામ રાખ્યો હતો અને એમના કેટલાક ઘાંચી મુરીદો પણ તે ઉપરથી આવીને આજુબાજુના ગામમાં વસવા લાગ્યા હતા. કેટલાંક વરસ અહીં રહેવા પછી મુંબઈમાં વસતા ઘાંચી મુરીદોએ પોતાની જમાતના આગેવાનોને માંગરોલ મોકલી તેમને મુંબઇ પધારવા આમંત્રણ કર્યું. તેઓએ આવીને પીર સાહેબને અરજ કરી કે ઘાંચીની જમાત આપના દીદારની ઉમેદવાર છે, વાસ્તે ત્યાં પધારો. પીર સાહેબે તેમને થોડા દીવસ માંગરોલ રહેવા ફરમાવ્યું. માંગરોલ વાસીઓ મુંબઇવાળા મુરીદોને કહેવા લાગ્યા કે બાવાને મુંબાઇની મુસાફ-

રીની શું કામ તકલીફ આપો છો. બાવાના મુરીદોને અહીં મોકલી આપો" તેઓ ગભરાતા હતા કે પીર સાહેબ જો મુંબાઇ જશે તો કદાચ મુંબાઇ-વાળાઓ પીર સાહેબને ત્યાંજ રાખી લેશે. મુંબાઇથી બોલાવા આવેલા શખસોનાં મોઢાં તે ઉપરથી ઉતરી ગયાં. જે જોઇ પીર સાહેબે કહયું કે "મારે બધા મુરીદો સરખા છે. જો હું ત્યાં નહીં જાઉં તો તેઓ બધા નારાજ થશે. અને જો જાઉં તો તમો નારાજ થાઓ છો. તો જાવ તમને વચન આપું છું કે જીવતો કે મુવેલો હું પાછો માંગરોલ આવીશ."

આ વચન આપી થોડા દીવસ રહી પોતાના (પીતરાઇ) બ્હેન આપાજીમા સાહેબની રજા લઇ મુંબાઈ તરફ રવાના થયા અને જ્યાં હાલમાં સર જે॰ જે॰ હોસ્પીટાલ છે તે જગાની સામે તેલી મોહોલ્લો આવેલો છે ત્યાં ઉતર્યા. તે વખતે ત્યાં ઘાંચીઓ મોટી સંખ્યામાં રહેતા હતા. (જે ઘરમાં તેઓ ઉતર્યા હતા તે ઘરના માલેકની ઓલાદ હજુ એ લત્તામાંજ રહે છે).

થોડા વખતમાં એમના આવવાના સમાચાર મુંબાઇમાં ફેલાતાં લોકો તેમની પાસે આવવા લાગ્યા. ઘણા અપુત્રવાનને એમની દુવાથી ઓલાદ થઇ હતી.

એક દીવસ બપોરના કેટલાક માણસો એમની સામે બેઠેલા હતા. તેવામાં નમાઝની આઝાન× થઇ. પાસેના ઘરના ઓટલાપર એક કોકની મુસલમાન બેઠેલો હતો તે નમાઝ પઢવા સારૂ ઉભો થઇ પાસેની મસજીદમાં ગયો. જતાં જતાં પોતાની પાસે એક માણસ બેઠો હતો તેને કહયું કે "આ પીર તો જો! આઝાન થઇ તો પણ નમાઝ પઢવા ઉઠતા નથી મને લાગે છે કે તે શરીયત મુજબ ચાલતા નથી. નહીતર ઝટ મસજીદમાં નમાઝ પઢવા ઉઠતે." પેલો મસજીદમાં ગયો કે પીર સાહેબ વજુ કરી ઘરની બહાર આવ્યા અને પેલો માણસ મસજીદમાંથી બહાર નીકળ્યો કે તુરત તેઓ કુવાના મોઢા ઉપર ચાદર પાથરી ત્યાં નમાઝ પઢવા ઉભા રહયા. પેલા સખસની નજર પીર સાહેબ ઉપર પડતાં તે દંગ થઇ ગયો અને તેમના પગપર પડયો અને કહયું" "મ્હારો ગુનાહ માફ કરો." પીર સાહેબે કહયું "ભાઇ, તેં કાંઇ ગુન્હો કર્યો નથી. જો તું નહી બોલતે તો તારી ખાતરી થતે નહી કે તમામ પીર ખુદાના હુકમ મુજબજ ચાલે છે. પણ અવિચારી માણુસો ઉંધું સમજે છે. માણુસે પોતાની ઇબાદતની મગરૂરી કરવાની નથી.

× બાંગ.

આટલું મારે કરવું પડયું તે તને ફાયદો પોહોંચાડવા અને તારી બુરાઇ ટાળવા માટે કરવું પડયું છે."

મુંબાઇમાં થોડા મહીના વધુ રહયા બાદ તેઓ આ દુનીયાથી ઉઠી ગયા અને તેમના મુરીદોએ ત્યાંજ નાગપાડામાં તેલી મોહોલ્લાની મસજીદમાં તેમને દફન કર્યા. દફન થયા બાદ પીર સાહેબે તેમના બેહેન આપાજીમા સાહેબને સ્વપ્નામાં કહયું કે હું મુંબાઇમાં ગુજરી ગયો છું અને મને લોકોએ અહીં દફન કરી દીધો છે. પણ મેં માંગરોલ આવવા કબુલત આપેલી છે માટે આવીને મને મુંબાઇથી માંગરોલ લઇ જાવ, "આ સ્વપ્નું જોઇ આપાજીમા સાહેબ ઘણા દીલગીર થયાં અને પગરસ્તે મુંબાઈ આવી પોહોંચ્યા. તેમણે પોતાના સ્વપ્નાની વાત તેલી મોહોલ્લાવાળા મુરીદોને કરી અને કહયું કે મ્હારે તો એમના હુકમ ઉપર અમલ કરવોજ પડશે અને એમને માંગરોલ લઈ જવાજ પડશે.

જ્યારે કબર ખોદવાનો વખત આવ્યો ત્યારે કોકણી લોક આડા પડયા. સાધારણ રીતે એક વખત બંધ થયેલી કબર પાછી કોઇ ખોલતું નથી. તેમને બહુ વિનવ્યા પણ તેઓ એકના બે થયા નહીં. આથી તેમના મુરીદો રમખાણ જગાડશે એવા ભયથી પોલીસમાં ખબર આપવામાં આવી પોલીસ સીપાઇઓ ત્યાં ગોરા અમલદાર સાથે હાજર થયા. તે ગોરા અમલદારોએ કોકનીઓને કહયું કે "ભલા, જુઓ તો ખરા અંદર લાસ લઇ જવાય તેવી છે કે ? અમથા શા માટે લડો છો. જો લઇ જવાય તેવી હોય તો પછી ત્યારની વાત ત્યારે".

એમ કહી કોંકનીઓને ટાઢા પાડી, આપાજીમા સાહેબના માણસોને કબર ખોલવા કહયું. હવે અહીં એક ચમત્કાર થઇ પડયો. કબર ખુલતાં માંહેથી ખુશબો આવી. અને લોકો ડોકીયું કરી અંદર જોવા લાગ્યા તો માંહે કોઇ લાસ દેખાઇ નહીં. હો, હો, થઇ રહી. એટલે મુરીદોએ જઇ આપાજીમાને કહયું કે કબરમાં લાસ મળે નહી જે ઉપરથી તેઓ બુરખો પહેરી કબર પાસે આવી, પોતાની પાસે ચાદર હતી તે કબર ઉપર ઓઢાડી અને બોલ્યાં કે ભાઇ હવે જાહેર થાવને, લોકોને શું કરવા સતાવણી કરો છો. લોકોએ તમારી કરામતો જોઇ છે. હવે કાંઇ બાકી નથી" પછી ચાદર ઉચકી લેતાં પીર સાહેબ નીદ્રામાં સુતેલા હોય તેમ નજરે પડયા. કપાળે પરસેવાના ટીપાં હતાં આ ચમત્કારથી સરકારી અમલદારો તો વિચારમાંજ પડી ગયા અને કોકણી લોક પણ ચુપ થઇ ગયા. અને તેમને માંગરોલ લઇ જવા સારૂ રજા આપી.

આપાજીમા સાહેબે લાશને લઇ જવાસારૂ હુશીયાર સુથાર બોલાવી એક સંદુક (પેટી) બરાબર માપ આપી કરાવી. પેટી તૈયાર થઇને આવ્યા પછી લાશને અંદર મુકવા જતાં પેટીથી લાશ મોટી થઇ ગઇ હોય એવો દેખાવ થયો. આપાજીમા સાહેબ જેઓ જ્ઞાને પુગેલાં હતાં તે આનું કારણ સમજી ગયાં. લાશને પેટીમાં જેમ તેમ રાખી ઉપર ચાદર ઓઢાડી પાછાં તેઓ બોલ્યાં કે જો બરાબર ચાલશો નહી તો અંહીજ મુકીને હું માંગરોલ ચાલી જઇશ. આટલું બોલતાં લાશ બરાબર પેટીમાં ગોઠવાઇ એટલુંજ નહી પણ માથા આગળ અને પગ આગળ ઘણી ફાલતુ જગા પણ નીકળી આવી.

હવે લાશને પેટીમાં મુકયા પછી માંગરોલ લઇ જવાનો વિચાર કરે છે એટલામાં કેટલાક ખંભાતના ખારવાઓએ પીર સાહેબની માનતા લીધી હતી તે માનતા ચઢાવવા ત્યાં આવી પહોંચ્યા તેઓ ભાવનગરથી વ્હાણ લઇ મુંબાઇ આવતા હતા અને રસ્તે તોફાન નડતાં પીર સાહેબને યાદ કરી માનત કરી હતી. પીર સાહેબની મદદથી વ્હાણ બચ્યું એટલે તેઓ માનતા લઇને તેલી મોહોલ્લામાં આવતાં તો તેઓને સમાચાર મળ્યા કે પીર સાહેબ તો ગુજરી ગયા છે અને તેમની મુબારક લાશને માંગરોલ લઇ જવાની વાતચીત ચાલે છે તેઓએ એ ઉપરથી પોતેજ તૈયાર થઇ કહયું કે હમો એ લાશને માંગરોલ લઇ જઇશું. સંદુકને પછી તેઓ ઉપાડી લાવી પોતાનાજ વહાણ ઉપર લઇ આવ્યા. જયારે પ્હેલી કબર ખોલી ત્યારે પીર સાહેબ દેખાયા ન હોતા અને પછી નજરે પડયા એ વાત આખા શેહરમાં ફેલાઇ ગઇ હતી. એટલે એ પેટીને નમન કરવા શહેરના સંખ્યા બંધ લોકો ભેગા થયા હતા. ન્યાત જાતનો કાંઇ ભેદ હતો નહી. મુંબાઇથી કેટલાક મુરીદો વહાણમાં આપાજીમા સાહેબની સાથે મુબારક લાસને લઇને ઉપડયા. એક દીવસમાં સુરત પાસે ભગવાદાંડી કરી ગામ છે ત્યાં વહાણ આવી પોહોંચ્યું. ત્યાંથી પગ રસ્તે સંદુકને પાલ અડાજણ અને ઓલપાડને રસ્તે મંદરોઇ લાવવામાં આવી. મંદરોઇમાં ગામ બહાર એક લીમડાનું ઝાડ છે ત્યાં એ પેટી ઉતારવામાં આવી હતી. તે લીમડાની એક ડાળ મીઠી થઇ ગઇ છે. હજુ પણ તે મીઠીજ છે. ત્યાંથી હથોડા, અને સીમોદરાને રસ્તે માંગરોલ લાવી ઘરના સામે બારણે મુકવામાં આવી. હજારો લોકો આવીને તે પેટીની ઝીયારત કરતા હતા તેવામાં એક હીંદુ સોની બોલી ઉઠયો કે આ કેવા બેવકુફ લોકો છે કે બંધ પેટીને માને

છે. તેઓ પેટી ખોલાવીને જોતાએ નથી કે માંહે લાસની શું હાલત છે. એ ઉપરથી પીર સાહેબે આપાજીમા સાહેબને તથા ગામના પટેલને તથા તે વખતના દાવજી બોબાત વિગેરેને રાતના સ્વપ્નામાં કહયું કે પેટીને ખુલ્લી મુકો જે કોઇને કાંઇ કહેવાનું રહે નહી. જે ઉપરથી સવારના પેટી ઉઘાડી કે લાસ જે હાલતમાં મુંબાઇમાં હતી તેજ હાલતમાં જોવામાં આવી. જાણે કે પીર સાહેબ નિંદ્રામાં હોય તેમ સુતેલા હતા. માંગરોલના લોક આ જોઇ હર્ષ ઘેલા થઇ ગયા. અઢી મહીના સુધી એમને પેટીમાં આવી તરેહ ખુલ્લા રાખવામાં આવ્યા હતા. પછીથી જયાં તેમનો રોજો હાલમાં છે ત્યાં દફન કરવામાં આવ્યા હતા. ત્રણ વરસ પછી આપાજીમા સાહેબે ત્યાં રોજો બંધાવ્યો હતો.

મુંબાઇવાલી અસલ કબર નવા નાગપાડા તેલી મોહોલ્લાની મસજીદમાં આબાદ છે અને લોકો ત્યાં હજુ માનતા ચઢાવે છે.

તેમણે માંગરોલમા મુકામ કર્યા પછી એમના સજ્જાદાઓ પણ ત્યાંજ રહેવા લાગ્યા છે અને એ ગાદી માંગરોલની ગાદી તરીકે વિખ્યાત છે. એમનું પહેલું લગ્ન અમદાવાદનાં મશાયખોમાં થયું હતું, અને એ બાઇના ગુજરવા પછી બીજું લગ્ન અંકલેશ્વરના મશાયખોમાં થયું હતું.

દાદામીયાં સાહેબ.

પીર મોટામીયા સાહેબ આ દુનીયાથી ઉઠી ગયા પછી તેમની ઓલાદ નહીં હોવાથી આપાજીમાંજ દરગાહનો વહીવટ કરતાં હતાં. તેઓ પોતાના માતુશ્રી સાથે માંગરોલમાંજ રહેતાં હતાં. તેમની કબર પણ માંગરોલમાં એજ મોટા રોજામાં છે. આપાજીમા સાહેબના ગુજરવા પછી પીર મોટામીયા સાહેબના સાસરીયા તરફથી હુસેનમીયા તથા શેખનમીયા નામના બે શખસો આવીને ગાદીનો કારભાર કરવા લાગ્યા. પણ તેમ કરવા તેમનો કશો હક હતો નહીં. ખરો હક તો પીર મોટામીયા સાહેબના બે પીતરાઇ ભત્રીજા પીર બાવામીયા સાહેબ અને પીર દાદામીયા સાહેબનો હતો. બાવામીયાં સાહેબે પોતે કઢી રહી પોતાના ભાઇ દાદામીયાં સાહેબને

હકની માંગણી કરવા માંગરોલ મોકલી આપ્યા. તેઓએ પોતાનો હક જાહેર કર્યો. કાંઇક લોકોના મનમાં શંકા આવી. તેથી તેમને માઠું લાગ્યુ અને પોતે સરકારમાં પોતાનો હક જાહેર કરી માંગરોલમાં નહી રહેતાં પાસે વાઘરી કરી નાનું ગામ હતું ત્યાં જઇ ખુદાની ઇબાદતમાં રોકાયા. આખરે સરકારે તપાસી કરી હુકમ આપ્યો કે ખરા હકદારો પીર બાવામીયાં તથા પીર દાદામીયાં સાહેબ છે. છતાં ગામના પટેલે આગળ શંકા ભરી નજરે જોઇ તેમને જે તે બોલી દીધું હતું જે ઉપરથી તેઓનું દીલ ગામ ઉપરથી ઉઠી ગયું હતું અને તેઓ અંકલેશ્વર તાલુકામાં પોતાના મુરીદોમાં ફર્યા કરતા હતા. ખાસ કરી જીતાલી અને કોંઢ ગામમાં રહેતા હતા. તેઓ ઘણા પરહેજગાર અને જ્ઞાનવાળા હતા. પોતાના મ્હોઢા ઉપર હમેશા પડદો રાખતા જેથી કોઇ સ્ત્રી તેમની સામુ જોઇ શકતી નહોતી.

એમની વફાત પણ જીતાલી ગામેજ થઇ હતી ત્યાંથી માંગરોલ લાવીને તેમને ત્યાં દફન કરવામાં આવ્યા હતાં. જયારે એવો કોંઢ ગામે વસતા હતા ત્યારે નાંદોદના રામસીંગજી અને નારસીંહજી વચ્ચે નાંદોદ (રાજપીપલા)ની ગાદી માટે હરીફાઇ ચાલતી હતી. તેથી વડોદરાના તે વખતના સ્યાજીરાવ મહારાજે ગાદીનો કારભાર પોતાના હસ્તક લીધો હતો, ગાદીનો કારભાર લાંબો વખત નહી મળવાથી નારસીંગજીનો વિચાર પીર સાહેબની ખીદમત કરી તેમની દુઆ લેવાનો થયો. જેથી તેઓ કોંઢ ગયા. પણ પીર સાહેબ તે વખતે જીતાલી ગયલા હતા. તેથી તેઓ પણ જીતાલી ગયા. નારસીગજીને જોતાંજ પીર સાહેબ બોલી ઉઠયા "ગાદી માટે આવ્યા છો પણ તમને નહી મળશે તમારા છોકરાને મળશે." આખરે નારસીંગજીના છોકરા વેરીસાલજીને ઇ૦ સ૦ ૧૮૨૧ માં નાંદોદની ગાદી મળી હતી. તે દીવસથી એ રાજ્યમાં વસતા લોકો પણ આ ગાદીને માનતા થયા છે.

પીર મોટામીયાં સાહેબ, (બીજા.)

પીર દાદામીયાં સાહેબ પછી એમના ભત્રીજા પીર મોટામીયાં સાહેબ ગાદીએ આવ્યા. એમનો જન્મ કડી કસ્બામાં થયો હતો. તેમના લગ્ન વીરમગામવાળા હજરત જનાબ લાલમીયાં સાહેબ (લાલપીર)ની બ્હેન અમીર

બીબી સાથે થયા હતા. માંગરોલની આજુબાજુના ગામના ઠાકોરો આ પીર સાહેબને બહુ માનતા હતા. તેમાં ઉમર ગામના ઠાકોરના બે દીકરા ગુલાબ સીંહજી તથા ગેમલસીંહજી ઘણી વખત તેઓની સેવામાં હાજર થતા. ગુલાબ સીંહજી પીર સાહેબને પુછયા વગર કાંઈ કામ કરતા નહોતા. એક વાર પીર સાહેબ પ્રસન્ન થઇ બોલી ઉઠયા:—" જા, તને રાજગાદી મળશે." ગુલાબસીંહજીને આ બોલોના ભાવાર્થનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. કેટલોક વખત ગયા કેડે વાંસદાના રાજય માટે ગાદી વારસની જરૂર પડી એટલે આ ગુલાબસીંહજી ઉપર પસંદગી ઉતરી અને એમને વાંસદાની ગાદી મળી. ત્યારથી વાંસદાના ગાદીપતીઓ માંગરોલની ગાદીને માનતા આવ્યા છે.

પીર સાહેબ પચાસ વરસની ઉમરે આ દુનીયાથી ઉડી ગયા. તેમના બીબી અમીરબીબી સાહેબ બહુજ પરહેજગાર હતાં. એક દીવસ પણ કુરાન શરીફ પઢયા વગર કાઢતાં નહોતાં. તેમની અને પીર સાહેબની કબરો કડીમાં પીર અન્જારીના રોજા પાછળ મોટા કબ્રસ્તાનમાં છે. તેઓ પોતા પાછળ બે પુત્ર મુકી ગયા હતા. એકનું નામ કાયમદીન બાવા અને બીજાનું નામ બાવા મીયાં હતું. પણ પીર મોટામીયાં સાહેબના નાના ભાઈ બડામીયાં સાહેબ પુખ્ત ઉમરના હોવાથી ગાદીનો વહીવટ ચલાવતા હતા.

પીર બડામીયાં સાહેબ.

એમનો જન્મ કડી કસ્બામાં થયો હતો, અને એમના ભાઇના ગુજરવા પછી તેમના બચ્ચાંઓની દેખરેખ તેઓ રાખતા હતા. એમની નામના છોટાઉદેપુર અને રેવાકાંઠા જીલ્લામાં ઘણી ફેલાઇ હતી.* તેઓ પોતાના બદન ઉપર ઘણી સખ્તી ખેંચતા હતા. ખાવામાં મોટો ભાગ ભાજી અને રોટલી ખાતા. પંચાવન વરસ સુધી મરચાં ખાધાં નહોતાં. અને સાઠ વરસ સુધી તેમણે પોતાનો વજીફો (નિત્યપાંઠ) ખંડન થવા દીધો નહોતો, તેમજ એક

* છોટાઉદેપુરના મહારાજા સાહેબ તથા રેવાકાંઠા મેવાસના તમામ ઠાકોરો હાલ પણ માંગરોળની ગાદીને ઘણા માને છે કારણ કે તેનાથી તેમને ઘણો લાભ મળેલો છે.

પણ દીવસ સ્નાન ચુકતા નહોતા. તેમનો ચ્હેરો એવો નુરાની હતો અને બોલીમાં એટલો મીઠાશ હતો કે કોઇને એમની પાસેથી ઉઠવાનું દીલ થતું નહોતું. એમને ઓલાદ થઇ હતી પણ તે બધી તેમની આગળજ ઉડી ગઇ હતી. એટલુંજ નહી પણ એમના બન્ને ભત્રીજાઓ પણ એમની હઇયાતીમાંજ ખુદાની રહેમતે પુગ્યા હતા. વડા ભત્રીજા પીર કાયમુદ્દીન (બીજા) હતા તેમને પહેલા કાયમુદ્દીન બાવાનું "નુરે રોશન" મોઢે હતું અને તેઓ એટલા સખી દીલના હતા કે કોઇ વખત તેમણે એકલા બેસીને ખાધું નહોતું. તેઓ રાત્રીનો પણ મોટો ભાગ ઇબાદતમાં ગુજારતા હતા. તેમના મરણની નોંધ લેતાં અખબારે ઇસ્લામે લખ્યું હતું કે "માંગરોલની પીરની ગાદીવાળા પીરજાદા મોટામીયા સાહેબના પિતા પીર કાયમુદીન મીયાં સાહેબ તા૦ ૨૫-૧૦-૧૯૦૬ને ગુરૂવારના રોજ ખુદાતલાની રહેમતે પહોંચ્યા છે. મરહુમ પીર સાહેબ ઘણા ભોળા, મળતાવડા અને સખી સ્વભાવના હતા. તમામ લોકોનો તેમની ઉપર ઘણોજ પ્રેમ હતો. તેમને વેદાંત (સુલુક)નું ઉમદા જ્ઞાન હતું, અને કુદરતી ઇશ્વરી જ્ઞાનની તેમના ઉપર એટલી બધી અસર હતી કે તેમનો સ્વભાવ હમેશાં ઘણોજ નમ્ર અને ભકતી ભાવવાળો રહેતો હતો. તેઓ મોટા સાથે મોટા અને નાના સાથે નાના થઇને રહેતા હતા. ભજન કિરતન અને હકકાની કસીદાઓનો તેમને ઘણો શોખ હતો. તેઓ પોતાના વડીલની એકલબારાવાળી દરગાહ ઉપર જવાનો વિચાર કરીને ઘેરથી નીકળ્યા હતા તે દરમ્યાન રસ્તામાં સંધ્યાકાળ વખતે બોલતાં બોલતાં તેમણે પોતાની દેહ છોડી હતી."

તેમની કબર માંગરોલમાં પહેલા પીર મોટામીયાં સાહેબવાળા રોઝામાંજ છે. એમના નાના ભાઇ બાવામીયાં સાહેબ પણ સુલુકનું સારૂં જ્ઞાન ધરાવતા હતા. અને ઘણો ભાગ માંડવી તાલુકાના તડકેશ્વર તથા મુંજરાવ ગામે રહેતા હતા. તેઓ ઘણે ભાગે ખાદીના લુગડાં પહેરતા અને સાધુના જેવી રહેણીથી રહેતા. તેઓ પણ ૪૫ વરસની ઉમરે માંગરોલમાં ગુજરી ગયા હતા.

કાયમુદ્દીન બાવા સાહેબ એક દીકરો મુકી ગયા છે જેમનું નામ પીર મોટામીયાં સાહેબ છે અને જેઓ હાલમાં ગાદી દીપાવે છે. બાવામીયા સાહેબ એક દીકરો મુકી ગયા છે જેમનું નામ હુસેનમીયા સાહેબ છે જે ઘણા ભાગે માંગરોલમાં રહે છે અને ત્યાં સર્વ મહેમાનોની દેખરેખ રાખે છે.

પીર બડામીયાં સાહેબ તા૦ ૨૪-૨-૧૯૧૫ ને દીવસે માંગરોલમાં આ દુનીયાથી ઉઠી ગયા હતા. તેમનો રોજો પણ એજ દરગાહના કંપાઉ-ન્ડમાં જુદો બનાવેલો છે.

તેમની જગ્યાએ હાલ પીર મોટામીયાં સાહેબ (ત્રીજા) છે.

પીર મોટામીયાં સાહેબ હાલના ગાદીપતિ.

એમનો જન્મ ઇ૦ સને ૧૮૮૨માં કડીમાં થયો હતો, અને ત્યાંનીજ નીશાળમાં એમણે ગુજરાતી અભ્યાસ કર્યો હતો, અને બે ત્રણ ઇંગ્રેજી ધોરણ સુધી પણ ત્યાંના ઇંગ્રેજી પ્રાથમીક શાળામાં શીખ્યા હતા. પછી ત્યાંથી અમદાવાદ આવી સરકારી શાળામાં વધુ ઇંગ્રેજી અભ્યાસ કર્યો હતો. એમના પિતા પીર કાયમુદ્દીન બાવા ઘણાજ દુર અંદેશ હોવાથી, તેમની ઇચ્છા પોતાના દીકરાને ઘણીજ ચઢતી કેળવણી આપવાની હતી. તેઓ જાણતા હતા કે જે તે દીવસ ગાદી પતિ મોટામીયાં સાહેબજ થશે અને ચાલુ સુધરેલા જમાનાને અનુસરતી તમામ કેળવણી જો તેઓ લેશે તો ગાદી દીપાયમાન થશે. પણ તેમના કેટલા બીજા સગાઓ અને કેટલાક ગાદીના મુરીદો અસલના વિચારવાળા હોવાથી તેમને આ ખ્યાલ પસંદ પડતો નહોતો છતાં તેઓએ પોતાના વિચારને મજબુતાઇથી વળગી રહી પોતાના દીકરાને અજમેર મોકલી આપ્યા. ત્યાં મોટામીયાં સાહેબ મોલવી તેહસીનઅલી નામના સરકારી કોલેજના પ્રોફેસરના સમાગમમાં આવ્યા. મોલવી સાહેબનું એમની ઉપર બહુ હેત હતું જેથી એમને ફારસી, અરબી અને ઇંગ્રેજીનું બહુ સારૂં જ્ઞાન આપ્યું. ઇ૦ સ૦ ૧૮૯૯ માં મોટામીયા સાહેબે મેટ્રીકની પરીક્ષા પાસ કરી. પછી તેમણે વડોદરાની આર્ટસ કોલેજમાં અભ્યાસ સરૂ કર્યો. પાછળથી મુંબઇની વીલસન કોલેજ અને ગુજરાત કોલજમાં બી૦ એ૦ના વર્ગ સુધી અભ્યાસ પુરો કર્યો.

જ્યારે તેઓ અજમેરમાં અભ્યાસ કરતા હતા ત્યારે યોગાભ્યાસ પણ સાથે સાથે કર્યા જતા હતા. ત્યાં ખ્વાજા સાહેબની દરગાહમાં તેઓ ચીલ્લાકશી કરતા હતા. તેમજ ખોલવડ નામનું નવસારી તાબે કામરેજ

તાલુકામાં નાનુ ગામ છે ત્યાં પણુ ઘણી રીયાઝતથી ચીલ્લાકશી કરી હતી. તે વખતે લોકોનું ધારવું એવું હતું કે આ રીયાઝતથી એમનું બદન તુટી જશે પણુ ખુદાની કૃપાથી તેઓએ કોશીશમાં ફતેહમંદ નીવડયા હતા. આખા દીવસમાં ફક્ત એક જવની રોટલી અને થોડી દાળ ખાતા. અને આખો દીવસ ઓરડીમાં બંધ રહેતા અને ઇબાદત કરતા હતા. ચોવીસે કલાક કોઇ સાથે વાત કરતા નહોતા.

૧૯૦૬માં એમના પિતા પીર કાયમુદ્દીન બાવા ગુજરી જતાં એમને અભ્યાસ છોડવાની ફરજ પડી અને તેઓ ઘર આગળ આવ્યા. પછી કડીના કાજી તરીકે એમની નેમણુક થઇ. ત્યાર પછી વડોદરા સ્ટેટની નોકરીમાં જોડાયા હતા. અને તે પછી ટુંક મુદતમાંજ સચીન સ્ટેટના ના૦ નવાબ સાહેબે તેમની પોતાના રાજ્ય માટે વડોદરના શ્રીમંત મહારાજા પાસે માગણી કરી હતી. તે માંગણી મંજુર થતાં મોટામીયાં સાહેબને પ્રથમ એ૦ ડી૦ સી૦, પછી ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ, સિવિલ જડજ, હુજુર આસિસ્ટંટ વગેરેનું કામ સોંપ્યું હતું અને છેવટે તેમને નાયબ દીવાન નીમવામા આવ્યા હતા.

૧૯૧૫ના ફેબ્રુવારી માસમા પીર સૈયદ બડામીયા સાહેબ ગુજરી ગયા. અને મોટામીયાં સાહેબ ગાદી નશીન થયા. હવે ગાદીની સેવા એમને માથે પડી. દોઢેક વરસ સુધી નોકરી સાથે આ સેવા પણ બજાવી પણ એમને લાગ્યું કે બન્ને કામ થઇ શકવા મુશ્કેલ છે. એમના મુરીદો દુર દરાજથી એમને મળવા આવતા જેથી એમને એ ખ્યાલ થતો કે તેમની ખીદમત પોતાથી બરાબર થતી નથી. એટલે એમણે નાયબ દીવાનના ઓધ્ધાનું રાજીનામું આપ્યું. રાજીનામાની વાત સાંભળતા એમના મુરીદો બહુ રાજી થઇ ગયા હતા. અને મોટી સંખ્યામાં સચીન ઉતરી પડયા હતા. તેઓ સનમુખ તેમણે રાજીનામુ શા સારૂ આપ્યું તે કહી સમજાવ્યું હતું. તેમાં જણાવ્યું હતું કે "મહાન હઝરત પયગમ્બર સલ્અમ ફકીરી રસ્તાવાળા હતા તેનો અર્થ એ છે કે તેઓ ખુદાની, તેના ધર્મની, તથા તેની મખલુક પ્રાણી માત્રની સેવા કરતા. દુનિયાની અધમ અભિલાષઓ રાખ્યા વગર ખુદાની, તેના ધર્મની, અને જન સમાજની જે સેવા બજાવવામાં આવે તે ખરી બંદગી છે. મેં આ રસ્તામાં કેટલાક વખતથી પગ મુકેલો હોવાથી મારો ભાવ તે તરફ વધી ગયો છે . . . . મને લાગ્યું કે મારે હજી પણ ઘણું કરવાનું છે, પણ રાજ્યની રોકાણુને લીધે મારાથી જે કરવાનું છે તે સંપુર્ણ રીતે

થઇ શકતું નથી તેથી જાણી જોઇને મેં નાયબ દીવાનની નોકરી જતી કરી છે . . . કર્તવ્ય પરાયણ થવું તેજ ખરા સેવકનું કર્તવ્ય છે. "કર ને જો" એ મનુષ્યનો મુદ્રાલેખ હોવો જોઇયે. સ્વાર્થની ખાળકુંડીમાં ખરડાયલા રહેવા કરતાં નિર્મળ સાગરમાં ઝીપલાવવું એજ વધારે સાંરૂ છે. ટાઇટલો, ઇલકાબ, ચાંદ વગેરે વસ્તુઓ મિથ્યા છે અને તેની પાછળ ફાંફાં મારનાર મિથ્યા વસ્તુનો અધિકારી મનાય છે. ખરી વસ્તુનો જે ઉપાસક છે તેજ માત્ર ખરા માર્ગ ઉપર છે. ખરીમાં ખરી વસ્તુ માલિકજ છે. માટે માલીકના ખ્યાલમાં લીન રહેવું એજ ઉત્તમ છે."

સચીન સ્ટેટનો હોદ્દો છોડયા પછી એમણે પોતાની જીંદગી જન સમુહની સેવાને અર્પણ કરી છે એમને મુસલમાન કોમ કરતાં હીંદુ કોમ વિશેશ માને છે એમ કહેવામાં અતિશયોકતી નથી. એમણે ઘણી કીતાબો લખી છે જેમાં "રસુલે અરબી," (પેગમ્બર સ૦ નું જીવન ચરિત્ર) અગ્રસ્થાન ભોગવે છે. ગુજરાતી ભાષા ઉપર એમનો કાબુ કેટલો છે તે એ ચોપડીથી પુરવાર થાય છે.

માંગરોલની ગાદી સાથે ગૌરક્ષાનો સવાલ પહેડી દર પહેડી ચાલતો આવેલો છે એમ કહીયે તો ચાલે. એકલબારાવાળા પીર કાયમુદ્દીન સાહેબ તો વેજીટેરીયન હતા. માંગરોલની ગાદીના સ્થાપક પીર મોટામીયાં સાહેબ પણ જીવદયાના હીમાયતી હતા. તેઓ ગાય વિશે શું કહી ગયા છે તે આપણે આગળ જોયું છે. હાલના સજ્જાદા સાહેબે તો આ બધા શીક્ષણને વ્યહવારીક અમલમાં મુકયું છે અને તે માટે વરસો થયાં બોધ કરે છે. તે બોધ એ છે કે બનતાં સુધી દરેક માણસે એક ગાય પાળવી. જે લોકો ગામડાઓમાં રહે છે તે સ્હેલાઇથી કરી શકે છે. જે લોકો મોટા શહેરમાં રહે છે અને ગાય બાંધવાની ત્યાં પોતાની ટુંક સંપત્તીથી સગવડ મેળવી નથી શકતા તે લોકોએ પોતાની ખાતરીના કોઇ માણસને ગામડામાં એક ગાય વેચાતી લઇ આપવી. અને તે તેનું જતન કરે અને સંભાળ રાખે એવી કબુલાત લેવી.

આ યોજનાને અંગે એક લાખ ગાયો પળાતી થઇ ગઇ છે. અને એનાથી ગામડાઓમાં હીંદુ મુસલીમ ભાઇચારો વધે છે. કોઇ માણસ પોતાની પાળેલી ગાય કાપવા તૈયાર થાય નહી. વળી ગાયોનો વધારો થવાથી દુધ દહીં વગેરે પુષ્ટીકારક ખોરાક લોકોને મળતો થયો છે, અને તેના ખાતરથી ખેતીને ફાયદો થયો છે.

આ યોજના હીંદુ ભાઇઓ મોટા પ્રમાણમાં ઉપાડી લે તો ગૌવધનો સવાલ રહે નહી, કારણ કે ગાયોની માંગણીજ એટલા મોટા પ્રમાણમાં થાય કે કસાઇખાના સારૂ ગાય મેળવવી ભારે પડે.

એમની ગાયો પ્રત્યેની દીલસોઝીની કદર શનાસીમા મુંબાઇની ગઉરક્ષક મંડળી અને જીવ દયા મંડળીએ ૨૨ આગસ્ટ ૧૯૨૦ ને દીને મુમ્બાઇમાં જાહેર મીટીંગ ભરી પંડીત મદન મોહન માલવીયાના પ્રમુખ પણા નીચે એમને માનપત્ર આપ્યું હતું. એમને સોનાના ચાંદો પણ ભેટ કરવાના હતા. પણ તેઓએ "હું ફકીર છું અને ફકીરોને ચાંદ કામના નથી" એમ કહી પાછા આપ્યા હતા.

શુધ્ધીની ચળવળને અંગે ૧૯૨૩માં દીલ્હીમાં મુસલમાન લાગણી બહુ દુખાઇ હતી જે શાંત કરવા પણ ત્યાંના મુસલમાન નેતાઓના આમંત્રણથી તેઓએ ત્યાં જઇ તેમને શાંત પડયા હતા નહીતર સર્વે મુસલમાનોએ ત્યાં બકરી ઇદ ઉપર ગાયો મોટી સંખ્યામાં કુરબાન કરવાનો વિચાર કર્યો હતો.

એમના ધર્મ સંબંધી શું વિચાર છે તે એમણે સતપંથ પ્રકાશક મહા મંડળની પાંચમી કોનફરંસ (૧૯૨૩)ના પ્રમુખ તરીકે ભાષણ આપ્યું હતું તે ઉપરથી માલમ પડે છે. ટુંકમાં કહીયે તો "જાત ભાત નહી પુછે કોઇ, હરકો ભજે સો હરકા હોય" એજ એમનો પણ મુદ્રા લેખ છે. કુરાને શરીફમાં સુરએ અન્આમમાં ફરમાવ્યું છે કે "ધર્મમાં કાંઇ પણ જબર જસ્તી કરવાની નથી" તેજ મુજબ એવો પણ અમલ કરે છે.

શ્રીમંત ગાયકવાડ સરકારને એમને માટે બહુ માન છે. એમને ખાનગી ચપરાસો રાખવાની છુટ છે તેમજ એઓ હથીઆરના કાયદામાંથી મુકત છે દીવાની ફોજદારી કોર્ટમાં હાજરી આપવામાંથી પણ તેઓ મુકત છે. વળી પીર સાહેબ જ્યારે એ સ્ટેટમાં મુસાફરી કરતા હોય ત્યારે તેમને માટે સરકારી મકાનોમાં ઉતરવાની સગવડ કરી આપવાના હુકમો પણ નીકળેલા છે. તા૦ ૨૪-૩-૨૧ ના રોજ એમને નામદાર ગાયકવાડ સરકારે "મૌવલાના"નો ખીતાબ આપ્યો હતો તે વખતે સરકારી ગેઝેટમાં નીચેનો લેખ પ્રગટ થયો હતો:—

માંગરોલની ગાદીવાળા ખ્વાજા મતાઉદ્દીન ઉર્ફે સૈયદના પીર મોટામીયા સાહેબ ચિશ્તીઆ ગાદીના સજ્જાદા નશીન સાહેબ, માંગરોલ. આ ગ્રહસ્થ મુસલમાન કોમના પીર તથા ધર્મોપદેશક છે અને તેમનું મુખ્ય સ્થાન નવસારી પ્રાંતમાં માંગરોલ ગામે છે. તેઓ લોકોને સારી

નિતીના માર્ગ બતાવવા ઉપદેશ કરે છે. ગાયોનું સંરક્ષણ કરી ખેતીના સુધારા માટે પ્રયત્ન કરે છે. હીંદુ અને મુસલમાન બન્ને તરફથી તેમને માટે આદર છે. જેથી તેઓની ઉત્તમ પ્રકારની શુભ લાગણીના પરિણામે શ્રીમંત મહારાજા સાહેબે ' મૌલાના " નામનો ઇલકાબ તેમના નામ આગળ જોડવા આજ્ઞા કરી છે. "

કાળીપરજના સંખ્યાબંધ લોકો જેવા કે ભીલ, દુબળા, નરડા વગેરે તેમના હાથની કંઠી ગળામાં બાંધે છે, અને દારૂ, તાડી નહી પીવાની તથા મડદાળ નહી ખાવાની પ્રતિજ્ઞા લે છે. અને તે પ્રતિજ્ઞા ઉપર કાયમ રહે છે. વળી પ્રતિજ્ઞા લીધા પછી હમેશાં ખુદાના નામના ભજનો પણ ગાયા કરે છે. કોમ કોમની મતફેરી ઘણીવાર એમની લવાદી ઉપર મુકાય છે અને તેઓ પોતાની કાર્યકુશળતાથી મતફેરી દુર કરી સલાહ કરાવે છે.

દીલ્હીના બુજુર્ગ ખ્વાજા હસન નીઝામી સાહેબ તથા અજમેરના ખ્વાજા સાહેબના સજ્જાદા નશીન સાહેબ એમની તરફ બહુ માનની નજરે જુવે છે.

એમને ત્રણ પુત્ર છે. એક નીઝામુદીન નામના દીલ્હીમાં અભ્યાસ કરે છે અને બીજા બે કાયમુદીન અને ફરીદમીયાં નામના નાની ઉમરના છે.

વડોદરા ગવર્નમેન્ટ ગેઝેટીઅરમાં માંગરોલની ગાદી વિશે નોંધ.

માંગરોલ ગામે મોટામીયાંની દરગાહ છે, તેનો ઓરસ દર વર્ષ પોસ વદ ૨ ને રોજ ભરાય છે. એ ઓરસમાં આસપાસનાં ગામોના લોકો ઉપરાંત સુરત, મુંબઇ, ભરૂચ, વડોદરા વગેરે સ્થળોથી પણ ઘણા માણસો આવે છે. હિંદુઓ પણ તેમાં ભાગ લે છે. પાલણપુરથી મુંબઈ અને ખંભાતથી નાસીક સુધીમાં તેમજ દક્ષિણ આફ્રિકા, મોરીસ, પારીસ, રંગુન, સીંગાપુર, જાવા, મુંબાઈ અને કલકત્તામાં મોટા મોટા વેપારીઓ એમના મુરીદો છે. એ મુરીદોની સંખ્યા લગભગ ૮૦ હજાર જેટલી છે. પીર મોટામીયાંની ગાદી સ્થાપન કરનાર મુળ પુરૂષ મોટામીયાં આજથી

લગભગ ૨૦૦ વરસ ઉપર ચિસ્તીયા સંપ્રદાયના હજરત સઇયદ મસઉદ શેખ ફરીદ શકરગંજ ચિસ્તીના ખાનદાન કુટુંબમાં થઇ ગયા. તેમનું અસલ નામ હજરત મુઇનુદ્દીન ચિસ્તી હતું. પણ તે વખતમાં એ મોટા મરતબાવાળા પીર ગણાતા, તેથી લોકો તેમને પીર મોટામીયાં એ નામથી ઓળખતા હતા. આજે પણ માંગરોલની ગાદી પીર મોટામીયાંની કહેવાય છે. પ્રખ્યાત વેજીટેરીઅન મહાત્મા પીર સઇયદના શાહ કાયમુદ્દીન બાવાના ભાઇ પીર ઇનાયતમીયાંના એ પુત્ર થાય છે. એમનો જન્મ કડીમાં થયો હતો. એમના વડીલો પ્રથમ પંજાબના પાકપટ્ટણ શેહરથી ગુજરાતમાં અમદાવાદ પાસે પીરાન પટ્ટન (પાટણ)માં આવીને રહયા હતા અને ત્યાંથી પછી કડી તરફ આવ્યા હતા. એમણે પોતાના જીવનમાં બહુ ચમત્કારો બતાવ્યા હતા એમ લોકો કહે છે. દંત કથા એવી છે કે પાંચ વરસની ઉમરે આખું કુરાને શરીફ તેમને મોઢે હતું. નિશાળમાં એક રડતા છોકરાને હાથમાં થોડાક કાંકરા આપી તેની સાકર બનાવી તેમણે છાનો રાખ્યો હતો, કેટલાક છોકરાઓ ધૂળના ગોળા કરી રમતા હતા તેના લાડુ બનાવી બધાને ખવડાવ્યા હતા, વગેરે. મોટા થયા પછી ત્યાં તેમની પાસે ચમત્કારો કરાવવા લોકો બહુ પાછળ પડયા તેથી તેઓ છાનામાના ત્યાંથી નીકળી માગરોલ તરફ આવ્યા. પોતે કડી છોડી ચાલ્યા ગયા તેથી લોકોએ ધાર્યું હતું કે હવે ગામ ઉપર કંઇ આફત આવશે, અને તેજ પ્રમાણે મલ્હારરાવના સમયમાં ત્યાં મોટું તુફાન થયું હતું; તેઓ માંગરોલ આવ્યા ત્યારે આમંડેરા ગામવાળી ખાડી ભરપુર હતી તેથી પાણી ઉપરથી ચાલીને પોતે સામે પાર ચાલી ગયા. માંગરોલના લોકોએ તેમની આ કરામતની વાત જાણી તેમને પોતાના ગામમાં આજીજી કરીને રાખ્યા, તેથી ત્યાં તેમણે પોતાની ગાદી સ્થાપી. કેટલોક વખત માંગરોલમાં રહીને તેઓ મુંબાઇ ગયા ને ત્યાંજ મરણ પામ્યા. તેમની લાશને તેમના મુરીદોએ માંગરોલ આણીને દાટી તેના ઉપર રોજો ચણાવ્યો છે. એમના પછી તેમની ગાદી ઉપર પીર દાદામીયાં, પીર મોટામીયાં (બીજા), પીર બડા મીયાં, પીર કાયમુદીન બાવા, ને પીર બાવામીયાં થઇ ગયા છે. હાલ પીર મોટામીયા (ત્રીજા) ગાદી ઉપર છે, કડી અને વીરમગામમાં એમના મોટા મોટા મકાનો છે અને લોકોમાં એમની માનતા સારી ચાલે છે.*

---

* માંગરોલની ગાદી વિશેની ઉપલી હકીકત સરકારી ગેઝેટીઅરમાં રા૦ બા૦ ગોવીંદભાઈ હાથીભાઈ દેસાઇ બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦ જે વડોદરા રાજયના ચીફ જસ્ટીસ છે તેમણે લખેલી છે.

પીર સાહેબે ખિલાફતની બજાવેલી સેવા.

પીર મોટામીયાં સાહેબે ખિલાફતની સેવા કેવી સારી રીતે બજાવી છે તે સેન્ટ્રલ ખિલાફત કમીટીના સેક્રેટરીએ ખુદ પીર સાહેબ ઉપર ઇ૦ સ૦ ૧૯૨૨ માં લખેલા એક પત્ર ઉપરથી જણાય છે. તેમાં તેમણે લખ્યું હતું કે "આપ હમેશાં ઇસ્લામની સારી ખિદમત બજાવતા આવ્યા છો. આપની ગાદીને અંગે આપને ઘણું કામ કરવાનું છે છતાં પણ આપ વખત બચાવીને મઝહબ અને દેશની જે ઉમદા સેવા બજાવો છો તે ભુલાય તેવી નથી. ચાર વરસથી આપે 'ઘેર ઘેર ગાય'નો સવાલ ઉપાડી તેને માટે હમેશાં મેહનત કરી હિંદુ મુસલિમ ઐક્યતાની જડ ઘણી મજબુત કરી છે તેથી ખિલાફતના કામને ઘણો ટેકો મળ્યો છે. આપની ખિલાફત પ્રત્યેની આ સેવા કાંઇ ઓછી નથી.

આ સવાલ ઘણો અગત્યનો છે, અને તેને આપના જેવા કેળવાએલા, ખંતીલા, વગવાળા, અને ઇસ્લામની ખરી હમદર્દી ધરાવનારા ધર્મ ગુરૂ સારી રીતે પાર પાડી શકે છે, અને આપે તેમાં ઘણી સારી ફતેહ મેળવી છે. હજુ પણ એ દિશામાં આપની કોશીશ જારી છે એટલે આશા છે કે ઘણુંજ સારૂં પરિણામ આવશે. આપ ઇસ્લામની આટલી મદદ કરો છો એ આપની મોટી નેકી છે." વિગેરે સેંટ્રલ ખિલાફત કમીટીના ખુદ સેક્રેટરીએ મુંબઇથી લખેલું છે. જ્યારે ખુદ ખિલાફતના સેક્રેટરી પીર સાહેબે ખિલાફતની ઉમદા સેવા બજાવી છે એવું કબુલ કરે છે તો પછી બીજા વધારે પુરાવાની જરૂરજ કયાં રહે છે? ખિલાફતની ખરી સેવા તો વગર પૈસે પીર સાહેબેજ બજાવી છે બાકી બીજાઓ માટે તો હાલ અનેક તરેહની ભળતી વાતો થઇ રહી છે.

શાહ કાયમુદ્દીન ચીશ્તીની

નુરે રોશન.

ખુલ્લાસા-શરેહ સાથ થોડા વખતમાં છપાઇ બહાર પડશે.

ગણત્રીનીજ કોપીઓ નીકળવાની છે વાસ્તે જેને જોઇતી હોય તેણે નીચેને શરનામે નામ નોંધાવવું.

રતનશાહ કોયાજી વકીલ,

નાનપરા, સુરત.